શુક્ર ને આરાધ

([illegible])

[illegible]

[illegible]



શુદ્ધિ પત્રિકં.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૮	૧૭	ના	નું
૫૧	૪	ગયા	ગયે
૫૨	૬ ૩	શ્લોક:	શ્લોક
૫૨	૧ ૬	જમાઅતનો	જમાઅતનું

એ ઉપરાંત એમાં સ્વાભાવિક રીતે અનેક ભુલો રહી ગઇ હશે. એ ભુલો પ્રિય વાચનાર મહેરબાની કરી સુધારી વાચશે એવી આશા છે.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराईट विभाग]

अनुक्रमांक १५,७०५ . वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

ઝમીને શોર સુંબુલ બર નિયારદ
દરે તુખ્મે અમલ ઝાયિઅ મગદાં.

શુદ્ધ કે અશુદ્ધ

— અને —

મેમણ તવારીખ

ભાગ પહેલો.

લેખક:

સાલેહ મહમદ હાજી હારૂન કાબરી.

૧૩૪૯ હિજરી. ૧૯૩૧ ઇસ્વી.

પ્રથમાવૃતિ.

કીમત ચાર આના.

અબદુલ્લા ઇસમાઈલ ચુનાવાલા,

ચુના તથા રેતી ઇંટ સીમીન્ટના વેપારી

P. W. D. & B. P. T. Lime Suppliers and Railway Contractor.

ઘર બાંધનારાઓ તથા કંત્રાકટરોને

ખુશ ખબર

અમો અમારા ઘરાકોની સગવડ સારૂ પ્રચુટન ચુનાની દુકાન મુહમ્મદઅલી રોડ ચુના ભઠ્ઠી પર ખોલી છે અને જથાબંધ માલના ઘરાકોએ પણ અહીંજ ઓડર નોંધાવાથી તેઓને અમારી પુરેપુરી દેખરેખ હેઠલ અમારી ભઠ્ઠી પરથી પરબારો માલ સપલાઇ કરીએ છીએ, તેમજ અમારે ત્યાં સર્વે જાતનો મીઠા પાણીનો ચુનો, કલ્યાનીની ઈંટ, મમરાની રેતી તેમ સર્વે જાતની સીમીન્ટ તથા ગામઠી કોલસા બીલકુલ કીફાયત ભાવે આપીયે છીએ. ફકત એક વખત આવી ભાવ પુછી ખાત્રી કરો માલ સારો માપ પુરો સસ્તો દામ ને ઉત્તમ કામ.

અમારૂં ઠેકાણું—

૮૧ મુહમ્મદઅલી રોડ, ચુના ભઠ્ઠી,
મીનારા મસ્જીદની પાસે ચુનાની વખાર.

Haji Mohamed Jacob & Co.

CURIOS & MATTING MERCHANTS

59, Abdul Rahman Street, BOMBAY, 3.

હાજી મહમદ જાકુબની કું૦

નાં૦ ૫૯, અબદુલ રહુમાન સ્ટ્રીટ, મુંબઇ ૩.

અમારે ત્યાં દરેક જાતના ફેન્સી ગાલીચા, ટેબલ કવર ચીનાઇ તથા જાપાનીસ ફેન્સી ચટાઇ અને બાંબુ તથા કાંચના ચીક, સુટ કેસીસ, હેન્ડ બેગ્સ, કારપેટ, લેધર કલોથ, કાથાના રોલ તથા ગોદડી વગેરે જથ્થાબંધ તથા છુટક મળશે.

એફ. મુરાલીઆની કું૦

મારબલ્સ તથા ટાઇલ્સના વેપારી.

ઠે૦ ૧૨ ગ્રીન સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

આરસની સફેત, કાળી તથા ગ્રે કલરની લાદીઓ તથા પાટીઆ સફેત ચળકતી લાદીઓ, લાલ લાદી ૮"×૮" છહાંસ તથા ફેન્સી જમીન તથા દીવાલની સુશોભીત લાદીઓ મોટા જથામાં કીફાયત ભાવે મળશે.

તારનું સરનામું **મુરાલીઆ.**   ટેલીફોન નં. ૨૪૮૭૨.

નવી મેનેજમેન્ટ સાથે

પડતર ભાવે સરવે જાતના અનાજ

—તેમજ—

ઘી, ખાંડ, ચાહ

વગેરે વેચવાની દુકાન

અમો ખાસ ભલામણ કરીએ છીએ કે અમારી બાટલી વાલા મીક્ષ્કર ચાહ વાપરો.

બાટલીવાલા સ્ટોર્સ.

હાલના બેકારાના તેમજ કટો-ટીના બારીક સમયમાં દરેક કોમના ભાઇઓને અનાજ, ઘી, ખાંડ વગેરે જીવનની જરૂરી ચીજો બને તેટલા સસ્તા ભાવે મળે એ હેતુથીજ આ સ્ટોર્સ ચલાવવામાં આવે છે. અમો જે કંઈ માલ મંગાવીએ છીએ, તે પડતર ભાવેજ આપીએ છીએ. અમારા ભાઇઓને મોંઘવારીના કાતિલ પંજામાંથી બચાવવા એજ અમારી મુખ્ય નેમ છે.

એક વખત સ્ટોર્સ ઉપર પધારી ભાવ તાલ પુછી ખાત્રી કરો.


બાટલીવાલા સ્ટોર્સ.

છાછ મહોલ્લા, મુંબઇ—૩.

રાવલની કંપની

જમીન તથા દીવાલમાં જડવાની તરેહવાર રંગની ગલેચાની લાદીઓ, ફરનીચર ટાઇલ્સ.

વખણાયલી મો૦ કંપનીની રંગીન તરેહવાર જમીનમાં જડવાની ગલેચાની લાદીઓનો સઉથી મોટો જથ્થો અમો સ્ટોકમાં તઇયાર રાખીએ છીએ, અને બેસાડી આપવાનાં કંત્રાકટ લઇએ છીએ.



સફેદ ગલેઝ ટાઇલ્સ ૬"×૬"

એ બાથરૂમ (નહાણી) તથા મોરી તથા જાજરૂમાં હાલ ઘણીજ વપરાય છે, જેનો મોટો જથ્થો અમારી પાસે તઇયાર રહે છે.

ગ્રે નાઇટ (રંગીન) મારબલના પીલરસ (થાંભલા) ટેબલ ટોપ્સ.

મારબલ અને ગલીચાની લાદીઓ.

ગ્રે તથા લાલ કલરની ફુટ ૮'×૪'×૩/૧૬ તથા ૪'×૪'×૩/૧૬ જાડી.

એસબેસટોઝ સીમેંટ શીટસ.

આ શીટને સીલીંગમાં, બારી અને ગેલેરીના છજામાં તથા પારટીશનમાં વપરાય છે, તે લાકડાં કરતાં સસ્તી પડે છે. તે લાકડાં માફક કરવતથી કાપી શકાય છે પણ ફાયરપરૂફ છે. તેના પર કોઇપણ જાતનો રંગ કરી શકાય.

સીલીંગમાં જડવાને નકસીદાર સ્ટીલની ફેન્સી સીલીંગનો સ્ટોક પણ તઇયાર છે.

રાવલ કંપની, ટેલીફોન નં૦ ૨૧૪૧૪

૧૩, બેંક સ્ટ્રીટ, ફોટ—મુંબઇ.

લોટસ બેબી બ્રાંડ ટોઈલેટ્સ

ટોઇલેટસ

બ્યુટીલીસ-સુવાસીત, ક્રીમ-આમંડ ગ્લીસેરીન લેમન ક્રીમ, હેરઓઈલ, કોલ્ડક્રીમ, કુલીન, ફેસ પાઉડર, બ્રીલ્લન્ટાઇન.

દરેક ચીજ ચરબીથી વિમુક્ત છે અને અંગ્રેજી માલને ટક્કર મારે તેવી છે.



સુંદર

સ્વદેશી

સર્વોતમ

મેકઅપ આરટીકલસ

ગ્રીસ પેન્ટ, લીકવીડ પાઉડર ઓફ પર્લક્રીમ, ટોઈલેટ પાઉડર, બ્લુમ ઓફ રોઝીઝ, રાઉજ કેઈક, કોલ્ડ ક્રીમ, નોઝ પેઈસ્ટ, સ્પીરીટ ગમ, નાટક કંપની અને સીનેમા એકટર અને એકટ્રેસીસો માટે કામના આ પદાર્થો વિદેશી માલને ભુલાવે તેવાછે.

એકવાર વાપરશો તો હંમેશ વાપરવાનું વ્યસન લાગશે.

વેપારીઓને સારૂં કમીશન આપવામાં આવશે.

વિગતો માટે નીચેને સરનામે લખો યા મળો :—

બોંબે બ્રાંચ— **ટોઇલેટ મેન્યુફેકચરીંગ કંપની.**

૮૦-૮૨, એસ્પલેનેડ રોડ, મુંબઇ,

હેડ ઓફીસ—ચીતુર.

Universal Perfumery Works.

(REGISTERED.)

HINDUSTAN SNOW.

All kinds of best Perfumers, Hair Oils, Brilliantines, Pomades, Balm, Tooth Powder, Lime Juice, Ottos, Rose Water Etc,

95, Kambekar Street, BOMBAY, 3.

યુનીવરસલ પરફ્યુમરી વકર્સ.

(રજીસ્ટર)

અમારા કારખાનામાં બનતો હીંદુસ્તાન સ્નો

ચામડીના દાગ દુર કરી ચામડીને નરમ કરે છે આ સ્નો ચામડીને લગાડતા તરત ચામડીમાં પેવસ થાય છે અને નુકસાન કરતા વસ્તુઓ વગરનું બનાવેલું છે.

તેમજ અમારા ત્યાં દરેક જાતની ઉંચી પરફ્યુમરી. જેવી કે હેર ઓઇલ, બ્રીલીયનટાઇન. પોમેડ બામ, ટુથ પાઉડર, લાઇમ જયુસ, ઓટો, ગુલાબનું પાણી કોકોનટ હેર ઓઇલ વગેરે બને છે.

અમારા માલનો એક વખત આડર નોંધાવી ખાતરી કરો બહાર ગામના ઓડર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

ભાવો ઘણા કીફાયત છે તપાસવાથી ખાતરી થશે,

દરેક ચીજોપર અમારૂં "યુનીવરસલ" નામ વાંચી ખરીદ કરશો.

ઘર નં, ૯૫, કેમબેકર સ્ટ્રીટ, મુંબઇ, ૩.

અર્પણ પત્રિકા !

મેમણ કવમના અવિચારી નવજુવાનોને આ
મ્હારૂં લઘુ પુસ્તક સહૃદય અને નિખાલસ
ભાવે અર્પણ કરૂં છું અને ખાસ કરીને
આ લઘુ પુસ્તકમાં દર્શાવેલી બાબત
તરફ તેમનું લક્ષ ખેંચવાની
આશા રાખું છું કે જેથી
અલ્લાહ તેમને અને અમને
નેક તવફીક બખ્શે.

કવમ સેવક,

સાલેહમહમદ.

બે બોલ.

બુરી આદતે દીલ મે બેઠી હુઇ હે
છુડાવો ઇનકો દીલસે કુછ ફીક કર કે

પ્રિય વાંચનાર! આ લઘુ પુસ્તક લખવાનો ઉદદેશ એવો છે કે આપણા કોમના કેટલાક યુવાન પુરૂષો આજકાલ જે આપણી કોમમાં પર નાતીલી સ્ત્રીનો કાંયદો તોડવા માગે છે તે માટે મારે દીલગીરી સાથે જણાવવું પડે છે કે તેઓ તેમની વિચાર શકિતથી બરોબર વિચાર કરશે તો તેઓને સમજ પડશે કે એ આપણા મોટાઓ જે કરી ગયા છે તે કોમમાં ખરાબીઓ પેદા નહિ થાય અને કોમ કાયમ રહે વાસ્તે કેટલાકો પોતાના લાભ ખાતર કોમમાં ખરાબીઓ પેદા કરે નહિ એવી મારી ભલામણ છે.

આપણા કેટલાક ભાઇઓ પોતાના છોકરાઓને વિદ્યા હુન્નર-આદી અનેક સદગુણો નહિ ગ્રહણ કરાવતાં પોતાની પાછલ (ગુજરી ગયા પછી) તે છોકરાઓ તાયફાઓની પોષાકની, ફેશનની ફીશીયારીથી અંધ બની તેને ઉપાડી આવે છે અથવા તેમાં પૂરી કમાવાની તાકત નહિ હોવાથી કોમની છોકરી નહિ મળતાં બીજી જ્ઞાતિની સ્ત્રી લઈ આવે છે.

મિત્રો, આ લઘુ પુસ્તક વાંચવાથી અને એમાં આવેલા વિષયોથી આપને ખાત્રી થશે કે પરનાતીલી સ્ત્રીથી કુટુમ્બમાં ઇત્તેફાક રહેતો નથી અને અનેક હાની થાય છે. આ પુસ્તક

કલ્પીત છે છતાં આપણી કોમોમાં એવા કંકાસના ખરા બનતા બનાવો સેજે જોવામાં આવે છે. એ વાંચવાથી એમાં રહેલો ગુઢ ભાવાર્થ મારા મેમણ ભાઇઓ સમજશે તોજ હું મા.. કરેલી મહેનત સફળ થયેલી સમજીશ.

મિત્રો આપણી કોમની દીન પર દીન પડતી થવાના મુખ્ય કારણો શોધો અને બ્રિટીશ તાજના સુખશાંતી ભરેલા રાજયમાં તમારા છોકરાઓના વિદ્યા હુન્નર ઉદયોગ વિગેરેમાં વધારો કરો. આળસ ગામગિબત વિગેરે અનેક દુર્ગુણોને તિલાંજલી આપો, હસદ બુગઝ અને કુસંપને નાબુદ કરો' છોકરા છોકરીઓની કેળવણીનો પ્રચાર દીન પર દીન વધારો સંપ કરી કોમની બહેતરી કરવા કમર બાંધો. જો કે હાલમાં આપણી કોમમાં થોડે ઘણે અંશે વિદ્યા હુન્નર વધતા જાય છે તો પણ બીજી કોમો કરતાં આપણી કોમ ઘણીજ પછાત છે તો મિત્રો આ લઘુ પુસ્તકમાંથી હંસ પક્ષિની પેઠે સાર ગૃહણ કરી લેખકને સહાય આપશો.

જો કે આ પુસ્તક લખવાનો પ્રથમ પ્રયાસ છે તો એમાં અનેક ભુલો સ્વભાવિક રીતે હશે તો પણ આપ ભાઇઓ તે તરફ દ્રષ્ટિ નહિ કરતાં લેખકનો મુળ ઉદદેશ શું છે! તે સમજશો ને જે ભુલો લાગે તે સુધારવાને સુચના કરશો તો આ સેવક અવશ્ય સુધારશે.

મિત્રો, આ સંસાર-સમુદ્રમાં દરેક પામર પ્રાણી ગોથા ખાય છે અને જે પોતાનું નથી તેને પોતાનું જ માની ખાલી

મોહજાળમાં ફસાય છે પણ જ્યારે તેને અનેક રીતે ઠોકરો વાગે છે ત્યારેજ તે સુધરે છે. તેવીજ રીતે આ પુસ્તકમાં લખવામાં આવેલું છે.

છેવટે જેઓ મને જાણે છે તેઓને જણાવવાની જરૂર નથી અને જેવો મને નથી જાણતા તેઓ જાણી લે કે ગુજરાતી મારી બાપીકી ભાષા નથી હુ કચ્છી ભાષાના ખોળામાં જન્મેલો અને ઉછરેલો છું તેથી મારાથી શુધ્ધ ગુજરાતી ભાષાની આશા રાખવી મીથ્યા છે એ ઉપરાંત મેં ગુજરાતી ભાષાનો પુરેપુરો અભ્યાસ પણ કર્યો નથી ફકત ચોપાન્યાં અને કથાઓ વાંચી એક ખાસ જુસ્સાની ઉશકેરાઇ "હમભી નવાબ ભરૂચકે" એ કહેવત પર અમલ કરી હું પણ આડ અવળા લખાણ કરવા લાગ્યો જે દોસ્તો મારા લખાણ પસંદ કરે છે એ મારી લાયકાત નથી. બલકે તેઓની કદરદાની છે એ ખુલાસો કરવાની અગત્યતા મને એજ માટે જણાઇ છે કે અગર કોઇ સાહેબનું મારી અશુધ્ધ ભાષા પર હસવાનું મન થાય તો તેઓએ કૃપા કરી ઉપલી લીટીઓ યાને મારા છેલ્લા ખુલાસા પર જરૂર ધ્યાન આપવું.

આખેરમાં મારી દોઆ છે કે આ કલ્પીત નવલકથા મુસલમાનોમાં અને ખાસ કરીને મેમણોની પસંદગી મેળવવાને નશિબવંત નિવડો.

લી૦ દુઆગો સેવક,

સાલેહમહમદ હાજી હારૂન કાબલી.

મેમણ કોમની ઉત્તપતી.

તે લોહાણામાંથી થવાની તવારીખ.

મેમણ કવમની ઉત્તપતીને લગતો રસીલો હેવાલ.

પીર યુસુફુદીનનો શજરો.

મેમણ કવમને ઇસલામથી મુશર્રફ કરનાર હઝરત પીર યુસુફુદીન (રહે૦)નો શજરો હઝરત અલી (કરમઅલ્લાહો વજહુ) ની ઓલાદથી ઉતરી આવેલો છે. તેથી મોસુફ પીર સાહેબનો શજરો આપવાનું હું મુનાસબ સમજું છું.

(૧) હઝરત અલી (કર૦). (૨) હઝરત ઇમામ હસન. (૩) હસન મુસન્ના. (૪) અબ્દુલ્લા મહઝ. (૫) મુસા અલજોન. (૬) અબ્દુલ્લા. (૭) મુસા. (૮) દાઉદ. (૯) મુહમ્મદ. (૧૦) યાહયા ઝાહેદ. (૧૧) અબી અબ્દુલ્લાહ. (૧૨) અબી સાલેહ. (૧૩) હ૦ સય્યદ અબ્દુલકાદર જીલાની (રેહ૦). (૧૪) હ૦ સય્યદ તાજુદીન અબદુર રઝાક (રેહ૦). (૧૫) હ૦ સય્યદ એમાદુદીન કાદરી (રેહ૦). (૧૬) હ૦ સય્યદ અબી નસર મોહયુદીન રેહ૦). (૧૭) હ૦ સય્યદ મુહમ્મદ ઝુ એહમદ રેહ૦. (૧૮) હ૦ સય્યદ યુસુફુદીન.

પીર સાહેબને સીંધ જવાને થયલી બશારત.

વાલીદની વફાત બાદ તેમના વડા સાહેબઝાદા હઝરત સય્યદ હસન કાંદરી (રેહ૦) પોતાની મસનદ પર બીરાજમાન થયા. હઝરતે સય્યદ યુસુફુદ્દીન કાદરી (રેહ૦) ને હઝરત સય્યદ અબ્દુર રઝઝાક તાજુદીનના મુબારક રોઝાથી એવી બશારત થઇ કે તમો સીંધ દેશમાં જાઓ ત્યાં જવામાં જરા પણ વિલંબ ન કરો. ત્યાં જઇ પોતાની ઇલ્મી કુશલતા દેખાડો યાને ત્યાં જે બેદીન લોકો છે તેમને ઇસલામની તલકીન કરો તથા કલમે શહાદત પઢાવી રાહે રાસ્ત પર લાઓ. તેમને ઇસલામ પર મુસ્તકીમ કરો અને ઇસલામના અમરો, નવાહથી તેમને આગાહ કરો આવી રીતની વડીલના રોઝા મુબારકથી બશારત મલતાં તેઓ રવાના થઇ સીંધના નગર ઠઠ્ઠા શહેરમાં તશરીફ લાવ્યા. આ શહેર આ સમયમાં સીંધનું પાયતખ્ત હતું. અહીં મુસલમાનોની સંખ્યા થોડી અને બેદીનોની સંખ્યા વિશેષ હતી. પરંતુ અહીંનો હાકમ ઇસલામી હતો. પીર યુસુફુદીન (રેહ૦) એ અહીં વસવાટ કરી ઘણા પરધર્મિઓને ઇસલામથી મુશર્રફ કીધા. આપનામાં એક મુખ્ય ફઝીલત એ હતી કે આપ જે પરધર્મિ તરફ લક્ષ પુર્વક જોતા તો તેના દીલમાં ઇસલામનો પ્રકાશ પ્રગટ થઇ જતો. અને તરતજ તે બેદીન પોતાનો ગુમરાહ માર્ગ તજી ઇસલામમાં દાખલ થઇ જતો. આવી રીતે આપે બહુજ થોડી મુદ્દતમાં મોટી સંખ્યામાં બેદીનોને મુસલમાન કીધા. આપની કરામતનો જહુરો આખા શહેરના લોકોમાં પ્રસરી ગયો. આ સમયમાં સીંધનો હાકમ મરકબખાન હતો તેના વઝીરનું નામ અબવાબખાન હતું હાકમ તથા વઝીરે પીરની વિખ્યાતિ સાંભળી પીરની ખીદમતમાં હાજર થઇ કદમ

બેસી હાસલ કીધી એટલુંજ નહિ પણ તેઓ પીરના મુરીદ પણ થયા. અને જીંદગી પર્યંત તન મન ધનથી પીરની સેવા બજાવતા રહ્યા. આ વખત હી.સ. ૮૩૮ નો હતો.

મેમણોની ઉત્પતિ.

મેમણ કોમની ઉત્પતિ લોહાણા કોમમાંથી થઇ છે આ મેમણ લોકો શરૂઆતમાં સર્વે હીંદુ હતા. એમની કોમને સીધીમાં મોતા યાને લોહાણા કહે છે. મુળ ઉત્પત્તિ આ લોકોની સીંધ દેશમાંથી છે. તેઓ ઇસલામમાં ૫૧૧ વર્ષ ઉપર એટલે હી. સ. ૮૩૮ માં દાખલ થયા છે. તેઓ અસલથીજ ઉતરતી પંકતિના નહિ પણ ખાનદાની હતા તેમની ૮૪ નુખો હતી (તેઓ કબીલાને પોતાંની ભાષામાં નુખ કહ્યા કરે છે. જેથી ઇસલામનો સ્વીકાર કીધા બાદ પણ કબીલાના અર્થમાં તેજ શબ્દ વપરાય છે.) પ્રથમ જે ઇમાન લાવ્યા તેનુ નામ માણેકજી હતું. તેઓ પોતાની જ્ઞાતિના પટેલ એટલે ઉપરી હતા. તેમના દીકરાનું નામ રવજી હતું ઇસિલામમાં આવ્યા બાદ હઝરતે તેનું નામ અહમદ રાખ્યું. તેમને ત્રણ પુત્રો હતા. બે ઇસ્લામ લાવ્યા અને એક હિન્દુ સ્થિતીમાંજ રહયો, મુસલમાન થયેલા બે પુત્રો પૈકી એકનું નામ સુંદરજી અને બીજાનું નામ હંસરાજ હતું. હઝરતે સુંદરજીનું નામ આદમ અને હંસરાજનું નામ તાઝ મુહમ્મદ રાખ્યું. જ્યારે શહેરના આ બન્ને મોટા આગેવાન પુરૂષો હઝરત પર એતેકાદ લાવી ઇસલામમાં દાખલ થયા ત્યારે તો શહેરના નાના મોટા એક પછી એક ઇસલામથી મુંશર્રફ થવા લગ્યા. તે એટલે સુધી કે લોહાણાની જાત માંથી એકદમ સાથે ૭૦૦ ઘરોએ ઇસ્લામ કબુલ કર્યો અને આ સર્વે

લોકોનું ઇમાન પુરેપુરૂં જોઇ હઝરતે તેમને મોમીન નામનો ખેતાબ આપ્યો. હઝરતે એક મુબારક દીવસ મુકર્રર કરી જાહેર કીધું કે અમુક તારીખે આદમને પોશાક આપીને તમામ જમાતનો આગેવાન મુકર્રર કરવામાં આવશે આ મુકર્રર કરેલા દીવસે નવેસરથી તેમને મોમીનોના શેઠ અને પટેલ નેમવામાં આવ્યા. એપ્રમાણે શેઠ આદમ માટે જુદા જુદા ચાર પોશાકો આવ્યા (૧) હઝરત તરફથી, (૨) ગીઝનીના શાહ તરફથી, (૩) સીંધના હાકેમ મરકબખાન તરફથી, (૪) સમસ્ત જમાત તરફથી આ ચાર પોશાક આપી તેમને શેઠ અને પટેલનો ખીતાબ આપવામાં આવ્યો, મોમીન શબ્દ ઉપરથી મેમન (મેમણ) માં બદલાઇ ગયો. આ ખેતાબ આ લોકોને હઝરત પીર યુસુફુદીન (રેહ૦) એ અર્પણ કરેલો છે અને ઇસ્લામની દવલત પણ હઝરતના પ્રતાબથીજ નસીબ થઇ છે.

બોમ્બે ગેઝીટીયરમાંથી મેમણ ઉત્પત્તિનો ઉતારો.

બોમ્બે ગેઝીટીયર કચ્છ, પાલનપુર, મહીકાંઠા વોલ્યુમ પાંચમું પ્રકરણ ત્રીજું પૃષ્ટ ૯૩ માં મેમણ કવમની ઉત્પત્તિ વિશે કેટલીક હકીકત પ્રગટ થયેલી છે. જે માહેથી જરૂર પુરતા ભાગનો ઉતારો નીચે મુજબ છે:—

" આશરે ૬૧૭૮ મેમણ શખ્સો થોડાક સીંધમાંથી અને કેટલાક કચ્છમાંથી મુખ્યત્વે કરીને લોહાણા જ્ઞાતિમાંથી થએલા છે. સીંધના શખ્સો ઇ. સ. ૧૪૩૩ (૮૩૮) હીજરી) માં લોહાણામાંથી મેમણ થવાનું કહેવાય છે. અને તેને મોમીનો એટલે આસ્થાવાલા એવું નામ પ્રખ્યાત પીરાન પીર સઇયદ અબ્દુલ કાદર ઝીલાનીના વંશના પીર યુસુફુદીન બગદાદવાલાએ આપ્યું છે. તેઓના મેમણ થવાની

વાત એમ છે કે લોહાણા ન્યાતના બે શખ્સો નામે સુંદરજી અને હંસરાજ સીંધની તે વખતની રાજ્યધાની નગર ઠઠ્ઠા શહેરમાં રહેતા હતા. એ વખતે ત્યાં ગીઝની રાજાનો ખંડીયો રાજા નામે મરકબ ખાન રાજ્ય કરતો હતો સઇયદ યુસુફુદીન કે જેવણુ ત્યાં ૧૪૩૨ માં આવ્યા હતા તેમના કેટલાક પરચા (કરામતો) જોઇને એ લોકો ૧૪૩૩ માં મુસલમાન થયા અને સઈયદ સાહેબે તેમને અનુક્રમે આદમ અને તાજમુહમ્મદ નામ આપ્યું. આશરે ૭૦૦ લોહાણા કુટુંબોએ તેમનું અનુકરણ કર્યું અને સુંદરજી (આદમ) ને ઇ. સ. ૧૪૪૧ માં તેઓની જમાતનો આગેવાન બનાવ્યો. આ લોકો આદમના પવિત્ર કટો (કના)ની આગેવાની તળે રાવ ખેંગારજીના આમંત્રણથી કચ્છમાં આવી વસ્યા જ્યાં તેઓની સંખ્યા બીજા કચ્છી લોહાણાના કેટલાક મેમ્બરોએ ધર્મ બદલીને ઇસલામ કબુલીને વધારી હતી.

મેમણો ઉપર મુસીબતોનુ વાદળ.

આ ૭૦૦ કુટુંબો પઇકી પાછળથી ઘણાને નગર ઠઠ્ઠા છોડી જવાની ફરજ પડી આ નગર ઠઠ્ઠાનું વતન તજી જવા માટેનું કારણ એમ જણાવવામાં આવે છે કે જયારે લોહાણા કવમના ૭૦૦ કુટુંબો ઇસલામમાં દાખલ થયા ત્યારે લોહાણા કવમમાં મોટો ગભરાટ અને ખળભલાટ ફેલાઇ ગયો અને તેઓની એક મોટી સભા તેઓના તે વખતના મોટા ધર્મ ગુરૂઓ જોશી ટેકમલ, જોશી નંદમલ, જોશી ઓહુમ અને જોશી ભારમલના વડપણ નીચે મલી અને તેઓએ ઇસલામ મતમાં દાખલ થયેલા લોહાણાઓ સામે તેઓની વહુ દીકરીઓ રોકવાની સખત તજવીજો કીધી. તેઓની આ એકસંપીથી

નવા મુસલમાનોને ભારી ખમવું પડયું. તેઓના સંસાર વ્યવહારના કાર્ય ઘણા ગુચવણ ભર્યા અને મુશ્કેલ થઇ પડયા તોપણ તેઓ પોતાના ઇરાદા પરથી જરાપણ નહિ હઠતા ઇસલામને ચીવત અને ચુસ્તપણે વળગી રહ્યા.

પોતાની ઉપર આવી પડેલી મુશ્કેલીઓનું તેઓએ પીર સાહેબ પાસે વર્ણન કર્યું અને આ સંબંધમાં શું કરવું તે માટે તેઓની સલાહ પુછી, પીર સાહેબે તેઓના હકમાં દુઆ કીધી અને તેમને પરદેશ નીકળી જવાની સલાહ આપી. આ સલાહ મુજબ નવા મુસલમાનો (મેમણો)એ તુરતજ અમલ કીધો અને તેઓ પોતાના ઘરબાર તથા માલ મીલકત વેચી નગર ઠઠ્ઠાની નજીકમાં આવેલ "વરાયા" ગામે આવી રહ્યા અનેઅહીંજ તેઓએ પોતનો વસવાટ કીધો. ત્યાર પછી તેઓ માંહેના રફતે રફતે કાઠીયવાડ, ગુજરાત, કચ્છ વિગેરે તરફ ધંધા રોજગાર માટે નીકળી ગયા કે જેનો અહેવાલ હવે પછી આપવામાં આવશે.

નગર ઠઠ્ઠા કાં છોડવું પડ્યું ?

આ નવા ઇસલામીઓને નગર ઠઠ્ઠા શહેર જે સંજોગો વચ્ચે છોડવું પડયું તેના કારણો બારીક વિચાર કરતાં ઘણાજ વ્યાજબી હોવાં જોઇએ, કેમકે જ્યારે સાતસો લોહાણા કુટુંબો પોતાનો હિન્દુ ધર્મ તજી ઇસ્લામી થયા હશે ત્યારે તેમના મુળ હિન્દુ જ્ઞાતિના લોકો તેમના આ કાર્યથી બહુજ નારાજ થયા હશે, એટલુંજ નહિ પણ તેમની સાથે દ્વેષભાવ અને દુશમનીથી વર્તવા લાગ્યા હશે. એક ધર્મ તજી બીજા ધર્મમાં જનારા લોકો સાથે મુળ ધર્મના લોકો બહુજ અદેખીઅને સખત વર્તણુંક ચલાવતા હોવાના ખરા દાખલાઓની કાંઇ ખોટ નથી. આ બાબતના

એકથી વધુ દાખલાઓ રજુ કરી શકાય તેમ છે. ઇસલામના સ્થાપક હઝરત મુહમ્મદે (સલ૦) જ્યારે ઇસ્લામ જાહેર કીધો અને લોકોને ઇસલામમાં દાખલ કરવા માંડયા ત્યારે ત્યાંના મુર્તિપુજકોએ આપ તથા આપના સહાબીઓ અને અનુયાયીઓ તરફ જે જુલમી વર્તન ચલાવેલું તેનું હ્રદયભેદક વર્ણન તવારીખોમાં મવજુદ છે. ખ્રીસ્તી ધર્મમાં જ્યારે પ્રોટેસ્ટન્ટ વર્ગ ઉભો થયો ત્યારે શરૂઆતમાં નવા વર્ગને ઘણું ખમવું પડયું. જુના રોમન કેથોલીક વર્ગે આ નવા વર્ગના લોકોના કરેલા કરપીણ ખુનો પથ્થરને પીગળાવી નાખે તેવા અઘટિત કાર્યોની નોંધો ખ્રીસ્તી તવારીખમાંથી મળી આવે છે. આવા બનાવો કાંઇ પ્રાચીન કાળમાંજ બનતા હતા એમ નહી પણ ચાલું જમાનામાં પણ બનતા દ્રષ્ટિ ગોચર થાય છે. હિન્દુસ્તાનના હાલના એકથી વધુ દાખલાઓ રજુ કરી શકાય તેમ છે. દાઉદી વોહરા ક્વમમાંથી છુટી પડેલી સુલેમાની, જાફરીયા તથા અલીયા ક્વમ તેમજ ખોજા ક્વમમાં આગાખાની જમાતથી છુટી પડેલી સુન્ની તથા ઇસનાશરી જમાતોને પોતાની મુળ જમાતોથી સંસાર વ્યવહારના કાર્યમાં બહુ વેહવું પડયું છે.

એ મુજબ જ્યારે લોહાણા ક્વમના સાતસો કુટુંબો પોતાના મુળ જ્ઞાતિમાંથી છુટા પડી ઇસ્લામી થયા હશે ત્યારે તેમને તેમની મુળ હિન્દુ જ્ઞાતિ તરફથી કેવા પ્રકારનો ત્રાસ ભોગવો પડયો હશે તે ઇતયાસિક અને દ્રષ્ટિ સામેના બનાવોથી સમજી શકાય છે.

સીંધમાં જો કે મુસલમાની રાજય હતું, છતાં એક રાજય એક ક્વમના સંસારીક સંબંધમાં કેવી રીતે હાથ નાખી શકે! કારણ જે કુટુંબો ઇસલામમાં દાખલ થયા હતા, તેમના બીજા કેટલાક સગાં

સંબંધીઓ પણ હિન્દુ જ્ઞાતિમાં હશે, ઘણે ઠેકાણે પોતાની પુત્રીઓના સગપણ તથા લગન કીધાં હશે અને ઘણી કન્યાઓને પોતાના પુત્રોના સગપણમાં પણ લીધી હશે. મતલબ કે આવી રીતના સગપણો અરસ પરસ વેલાઓની માફક ગુંચવાઇ ગયેલાં હોય છે આ કારણે તે સગાઓ તરફથી પણ તેમના પર કેટલો બધો ત્રાસ આવી પડયો હશે કેમકે ઉપરની બીનાથી મુળ લોહાણા જ્ઞાતિના ધર્મગુરૂઓ તથા લોકોએ મુસલમાન થનાર લોહાણા સાથેનો વેપાર રોજગાર, કન્યાની આપ લે તથા બોલચાલનો સંબંધ તોડી નાખવાનું જણાય છે. ત્યાર પછી તેવા ગામ યા શહેરમાં દીવસો કેમ ગુજારી શકાય? ઉપરાંત વેપાર રોજગાર તથા બાજી બાબતોનું મેદાન પણ હિન્દુઓના હાથમાંજ હોયું જોઇએ આ બધી બીનાથી સીદ્ધ થાય છે કે નગરઠઠ્ઠામાં નવા મુસલમાન થયેલા લોકોને પોતાનું વતન તજવાના કારણો કેવા વ્યાજબી હતા.

મેમણો વરાયા ગામમાં.

ઉપરના અહેવાલ પરથી જણાય છે કે મેમણો નગર ઠઠ્ઠા તજી થોડે છેટે આવેલા "વરાયા" ગામે જઇને વસ્યા, જેની સંખ્યા ૭૦૦ ઘરની હતી. જેમાં ૧૦૦-૧૫૦ જનાઓ અવસ્ત બચ્ચાં સાથે હતાં અને બાકીના વાંઢા જેવા થઈ પડયા હતા કારણ કે નગર ઠઠ્ઠા ના મુળ લોહાણાઓએ પોતાના ધર્મ ગુરૂના વડપણ નીચે સભા બોલાવીને તેઓની વહુ દીકરીઓને રોકવાનો બંદોબસ્ત કીધેલો હોવાનું ગયા અંકમાં આપણે વાંચી ગયા છીએ. તે બીનાને આ વાત સંપુર્ણ ટેકો આપે છે અને ખુલ્લું જણાઇ આવે છે કે તેઓની

એક સંપીથી ઘણાકોને પોતાની સ્ત્રીઓ તજવી પડી હતી અને તેઓ સ્ત્રી વગરના થઇ પડયા હતા.

કાઠીયાવાડ—હાલાર.

ઉપરના ૭૦૦ ઘરો વરાયા ગામમાં આવી રહયા પછી થોડી મુદતમાં તે પૈકીના કેટલાક જણાઓ ૧૦–૧૨ ટોળામાં વહેંચાઇ જઇને લધા નામના એક આગેવાનની સલાહ મુજબ કાઠીયાવાડ તથા હાલાર પ્રાંતમાં ધંધો રોજગાર તથા વસવાટ કરવાને માટે ઉતરી પડયા જયાં તેઓ ઇજઝત આબરૂ અને કુટુંબ કબીલાવાલા થઇને રહેવા લાગ્યા કે જે આજે કાઠીયાવાડના લગભગ દરેક મુખ્ય શહેરો માં આલ અવલાદના વધારા સાથે આબાદી અને શાંન્તી સાથે રહેલા નજરે પડે છે.

સુરતી મેમણો.

બીજા કેટલાક લોકો સુરત બંદર જઇને ઉતર્યાં. આ વખતે સુરત વેપાર રોજગારનું મુખ્ય સ્થળ હતું. તેથી તેઓ તુરતજ ધંધે લાગી ગયા અને સુરતમાંજ કુટુંબ કબીલાવાલા થઇને રહેવા લાગ્યાં જેઓના વંશજો હાલ સુરતમાં મવજુદ છે કે જેઓ સુરતી મેમણોને નામે ઓળખાય છે.

સીંધી મેમણો.

કેટલોક ભાગ સીંધ ઇલાકાના મુખ્ય બંદર કરાંચી તરફ ગયા અને ત્યાં કુટુંબ કબીલાવાલા થઇ વસવાટ કરીને રહયા. તેઓની અવલાદ કરાંચી અને આજુબાજુના ગામોમાં આજે સીંધી મેમણોના નામે પ્રખ્યાત છે.

પંજાબી મેમણો.

આસરે પચાસેક નવજુવાન ભાઈઓની ટોળી પંજાબ તરફ ઉપડી ગઈ. તેઓ **લાહોરમાં** જઈને વસ્યા. તેઓની અવલાદનો આજે મેમણના નામે તો પત્તો લાગતો નથી. પરંતુ તેઓની પ્રથમની ૮૪ નુખો હતી તે પૈકીની ધકડા, માણેક, ખખર, ખોખરીયા, રાચા, ઘટા, મજીઠીયાની નુખોથી ઓળખાતી અવલાદ આજે પણ પંજાબમાં ઇજ્ઝત આબરૂ સાથે હસ્તી ધરાવે છે.

કચ્છ તરફ રવાનગી.

એક ટોળો જે કુટુંબ કબીલાવાળો હતો તે લગભગ ૧૦૦ વરસ સુધી **વરાયા** ગામમાંજ વસવાટ કરીને રહયો હતો. તે એ પછી કચ્છ તરફ ગયો.

તવારીખમાં પડેલું ભંગાણ.

પંજાબ, સીંધ, કાઠીયાવાડ, હાલાર, સુરત વગેરે સ્થળોએ જઈ વસેલા મેમણોની ત્યાર પછીની વિગતે તવારીખ મળી શકતી નથી પણ જેઓ **વરાયા** ગામે રહેતાં હતાં તેઓના સંબંધમાં પાછળથી થયેલા ફેરફારને લગતી કેટલીક વીગત મળી આવે છે જે નીચે મુજબ છે:-

હીજરી સન ૯૬૦ ના અરસામાં હિન્દુસ્તાનની રાજ્યધાની શહેર **દહેલ્હીમાં** ચોકકસ પ્રકારની રાજ્યદવારી ખટપટ ઉત્પન્ન થઈ અને તેને લીધે દેશના મોટા ભાગમાં અશાન્તી ફેલાઈ આ અશાન્તીની માઠી અસર **વરાયા** ગામ ઉપર પણ પડી. એટલે કે રાજ્ય કારોબા

રમાં અંધેર ફેલાવાથી ધાડપાડુ લુંટારાઓનો દોર વધી પડયો અને **વરાયા** ગામ ઉપર પણ એક બે વખત ધાડ પડી. ઉપરાંત ત્યાંના હિન્દુ કવમ પણ આ મેમણો સાથે જોઇતા એખલાસથી વર્તન ચલી વતી ન હોતી. તેથી લાચારીએ **વરાયા** ગામ પણ હંમેશનું તજી દેવાનો તેઓ (મેમણો) એ ઠરાવ કીધો અને તે વખતના મેમણ જમાતના શેઠ (પટેલ) કના ઉર્ફે કરીમદીના જે રવજી ઉર્ફે આહમદ શેઠની ચોથી પેઢીએ ઉતરી આવેલા તેઓની સલાહ મુજબ સર્વે મેમણો પોનાના બાળ બચ્ચા અને માલ દવલત સાથે કચ્છની રાજ્યધાની શહેર ભુજમાં આવીને રહયા કચ્છના રાજા રાવ સાહેબ ખેંગારજીએ આ નવા મુસલમાનોનો સારો સત્કાર કીધો જે પરથી આ બનાવ યાદ અપાવે છે કે જે ઇસ્લામની શરૂઆતમાં અસહાબો (રદી૦) ને મકકાના કાફરોના જુલમથી કાયર થઇ એબીસીન્યા તરફ હીજરત કરી ગયા હતા અને ત્યાંનો બાદશાહ નજાસી કે જે ખ્રીસ્તી હતો તેણે દરેક પ્રકારે તેમને દીલાસો આપી મોહબત જાહેર કરીને પોતાના રક્ષણમાં લીધા.

શાં. ૧૫૯૭ માં કુટુંબી કબીલાવાલા મેમણો કચ્છમાં આવ્યા.

કના શેઠની સરદારી હેઠળ આ કુટુંબ કબીલાવાલા કચ્છમાં આવ્યા ત્યારે ગુજરાતી સન ૧૫૯૭ હતો કચ્છની રાજધાની ભુજ શહેર છે ત્યાંનો રાજા રાવ સાહેબ ખેંગારજી નામનો હતો અને એજ રાજાએ દેશને વધારે આબાદ કીધો હતો અને તેણેજ સીંધથી મેમણોને કચ્છમાં બોલાવ્યા હતા. ચુનાચે કના શેઠની સાથે મેમણો

કચ્છમાં આવ્યા ત્યારે રાજાએ કના શેઠને પોશાક અને શેઠનો ખેતાબ આપ્યો.

{ત્યાર બાદ ગુજરાતી સન ૧૬૪૨ માં રાવ સાહેબ ખેંગારજી ગુજરી ગયા તેમની જગો એ તેમના કુંવર ભારમલજી ગાદીએ બેઠા}

કના શેઠ અને મેમણોને રાજા તરફથી બહુ માનમરતબો મલ્યાથી તેઓ કચ્છમાંજ રહેવા લાગ્યા અને કના શેઠે ભુજમાં એક મસજીદ બનાવી તેમને એક મેમન નામનો છોકરો થયો તેણે પણ ત્યાં એક મસજીદ બનાવી અને મોહલ્લાનું નામ મેમન મોહલ્લો રાખ્યું અને એક આલીશાન મકાન પણ પોતા સારૂ બનાવી તેમાં રહેવા લાગ્યા. તેમનો ફરઝંદ કાનજી નામનો થયો તેણે પણ એક મસજીદ બનાવી. આ વખતે હજરત પીરાને પીરની અવલાદમાંથી એક સાહેબઝાદા અહીં આવી રહયા હતા તેટલા માટે આ મસજીદનું નામ પીરવાળી મસજીદ મશહુર છે એવીજ રીતે પેઢી દર પેઢી એ કુવાઓ મુશાફર ખાનાઓ તળાવો બનાવ્યા છે. ચુનાચે કચ્છી મેમમ કવમ જાહેર ઇસલામી કાર્યોમાં છુટા હાથથી પરંતુ યથાશક્તિ પ્રમાણે જે કાંઇ સખાવત કીધી છે તે એટલી બધી તો પ્રસિધ્ધ છે કે તે માટે હિન્દુસ્તાનની કોઇ પણ પ્રજા ભાગ્યેજ પોતાનુ અંજાણ પણું બતાવી શકે મેમણ કવમની નાદર સખાવતોનો લાભ સઘળા મુસલમાનોને એક સરખી રીતે મળતો રહયો છે મેમણ કવમની શાહી સખાવતનું પ્રમાણ મોટે ભાગે નાત જાતના તફાવત વગરનુ છે જો એમ કહેવામાં આવે કે ખાસ પોતાની કવમ માટેજ યતીમખાના મદરેસા મુસાફરખાના વિગેરે બનાવ્યા છે અને સામાન્ય ઇસલામીઓના લાભ અર્થે કાંઇ

કરેલુ નથી તો તે કહેવું તદન ભુલ ભરેલું છે અલબતા તેમની ખાસ સંસ્થાઓ પણ છે અને તેનો લાભ માત્ર મેમણ કવમજ લઇ શકે છે પરંતુ તેનું એ કામ ગેર વ્યાજબી ગણી શકાય નહિ હિંદુસ્તાનની લગભગ દરેક જાહેર કવમો પોત પોતાની ઉન્નતિના પગથીયા પર ચઢવાની શરૂઆત તરીકે પોતાની જ્ઞાતિ માટેજ પ્રથમ સાધનો ઉભા કરે છે દાખલા તરીકે પારસીઓ, હિન્દુઓ, ખોજાઓ, વોહરાઓ વિગેરે કવમોએ પોત પોતાની જ્ઞાતિના હિત માટે અનેક સંસ્થાઓ ઉભા કીધી છે. તેવું પગલું કોઇપણ રીતે ગેરવ્યાજબી નહિ પણ સ્તુતી પાત્રજ ગણી શકાય છે તો પછી મેમણ કવમ અવલખેશ પાછે દરવેશની કહેતી પર અમલ કરીને પ્રથમ પોતાની કવમના લાભ અર્થેજ પોતાના નાણાનો સદ ઉપયોગ કરે તો તેમાં તેણે ખોટું શું કર્યું? મેમણ કવમને પોતાનીજ જ્ઞાતિ માટે સ્વતંત્ર સંસ્થાઓ ઉભી કરવાનો હક છતાં મેમણ કવમે ઇસલામીઓના હિતના કાર્યમાં પણ મોટી સખાવતો કીધેલી છે જે સખાવતોનો આંકડો પોતાની કવમના લાભ અર્થે કીધેલી સખાવતોથી વધી જાય તેમ છે.

ઉપર મુજબ કચ્છી મેમણ તવારીખ તપાસવાથી માલમ પડશે કે કુટુંબ કબીલાવાળા વરાયા ગામમાં ૧૦૦ વરસ સુધી પોતાની લોહી શુધ્ધાની જાલવણી સાથે (ટોલા ગીરોહ) જમાતની રૂઢીએ સરાહ માફક રહયા છે. ત્યાર પછી કચ્છ આવ્યા ત્યારે બધા મેમણો આવેલા છે અગર જમાત તરીકે રહેલા નહિ હતે તો કચ્છ બધા મેમણો આવી સકતે નહિ.

અલહમ્દો લીલ્લાહ આપણા વડવાઓએ લોહી શુધ્ધીની જાલવણી માટે બાંધેલા ધારા આજ દીન સુધી ચાલતા આવેલા છે

પણ અફસોસ સાથે કહેવું પડે છે કે આપણા કેટલાક અણ સમજુ ભાઈઓ આપણા વડવાઓના સલાહ મુજબ બાંધેલા ધારાને તોડવા બાહાર પડી ચુક્યા છે જે ૫૦ વરસ સુધી નહિ બનેલો બનાવ આજે બનાવવા માગે છે. માટે આ પુસ્તક મને લખવું પડયું છે કે આપણી કવમમાં એ ખરાબીઓ પેદા થાય નહિ અને એ પુસ્તક છેલ્લે સુધી વાંચવાથી આપને ખાત્રી થશે કે પર નાતીલી સાથી કવમને શુ શું હાની થાય છે.

THE

KABLI TRADE SERVICE.

ADVERTISING AGENTS & DEBT COLLECTORS.

KAMBEKER STREET, BOMBAY. 3.

Dear Sirs,

You may be aware that a number of merchants, landlords and other persons write off every year as bad debts claims aggregating

P.T.O.

in a large sums that they may have against parties either residing in the towns or in the Maffasil.

We are specialists in the line and offer our services to you for recovering such claims or realising the amounts of the decrees, if any, that may have been obtained by you.

As for our remuneration we may point out that we charge the same on the basis of a certain percentage of commission on the sum realised, and in return for the same we use our very best endeavours to recover the out standings.

A number of our constituents have acknowledged with satisfaction the services rendered by us in recovering such claims, with due promptness, and we request you to give us a trial which you will find to your advantage.

We remain,
Yours faithfully,

Salehmahomed HaJi Haroon Kabli,

Proprietor of the Kabli Trade Service.

શુધ્ધ કે અશુદ્ધ

પ્રકરણ ૧ લું.

મહુમદઅલી રોડની સડક.

દેખ અય તુહફી કીસતી કે બચાને વાલે
આયા ગીરદાબે હવાદીસ મે શફીના અપના
ઇસ મુસીબતમે અગર તુ ભી હમારા ન સુને
અવર હમ કીસસે કહે જાકે ફસાના આપના

સાયંકાળના સમયમાં સુર્ય રક્તવર્ણ યુકત થઇ સરૂષ્ટિ ઉપરથી છુપાઇ જવાની તઇયારીમાં છે પક્ષિઓ કીલ કીલ કરતાં પોતાના માળા ભણિ જાય છે; મીલના મજુરો આખા દિવસની મજુરીથી છુટેલા હોવાથી ઘર તરફ વિદાય થાય છે શોખીન યુવાન પુરૂષો બાગ બગીચામાં ફરવા જવાને માટે પોતાનો ડરેસ સજી નીકળી પડયા છે. અને નિશાદેવી પોતાનો અમલ હળવે હળવે પ્રસરાવતી જાય છે. આ વખતે મહુમદઅલી રોડ પરની સડકનો દેખાવ મનને આનંદ પમાડી આશ્ચર્ય ચકીત કરે તેવો લાગે છે. ઠેક ઠેકાણે વીજળીના દીવાઓ થઇ રહયા છે, દીવસ કરતાં રાત્રે માણુસની ભીડ વધારે માલુમ

પડે છે. આ વખતે પાનવાળાની દુકાને આહદોની તડામાર ચાલતી જોવામાં આવે છે મહમદઅલી રોડ ઉપર આવેલી ઇસ્લામી, યાદગાર હોટલ નો દેખાવ તો આ વખતે ઘણો રમણિય થઇ પડયો છે. કારણ કે આ વખતે દરેક શોખીન પુરૂષો પોતાના મિત્રમંડળ સહિત ત્યાં બેઠેલા નજરે પડે છે શોખીનોના વિચારો તથા ગોઠવણો અહીજ થતાં હોય તેવુ માલુંમ પડે છે. આ વખતે આસરે રાત્રીના સાડા આઠ વાગ્યાનો સમય થયો હતો તે અરસામાં ચાર પાંચ યુવાન મિત્રોની બનેલી એક ટોળી એ હોટલમાં ગઇ, હોટલવાળાને ચાહ કોફી સોડા કેક લાવવાનો હુકમ કરી તેઓએ પોતાની વાતે શરૂ કરી.

આ ટોળીમાં સઉથી અગ્રેસર ગણાંતા યુવાન તરફ આપ દ્રષ્ટિ નાંખશો તો સહેજ માલુમ પડશે કે તે કોઇ ગૃહસ્થનો પુત્ર હોય તેવું લાગતુ હતું ને બીજાઓ તો જાણે મફતીઆ ભાઇબંધ હોય તેવો ભાસ થતો હતો આ વખતે માખણીયા દલાલમાં ના એકે પોતાની વાત શરૂ કરી.

મુશા—પોતાના અગ્રેસર સામુ જોઇ—કેમ મિત્ર ઇબ્રાહીમ આજનો દિવસ ઘણોજ આનંદી છે, કારણ કે આજ આપણે તે માશુકનું મન મેળવવા ભાગ્યશાળી થઇશું!

ઇબ્રાહીમ—પ્યારા મિત્રો તમો અહી આ વાત કરતાં અચકાતા નથી પણ જો આપણી વાત કોઇ જાણશે તો આપણો પાપનો ઘડો ફુટી જશે માટે લાંબી ટુંકી જવા દો અને આજે હું તમોને અહિયાં લઇ આવ્યો છું તેનું કારણ કે આજે નવ વાગે આપણી જમાત ભેગી થાય છે તેમાં મારી પણ એક અરજી છે તે વંચાશે અને તેના પર વાદવીવાદ થશે તેના પર તમો ખુબ જોર આપજો.

મુશા—શે.ઇ ઇબ્રાહીમ તે શું અરજી છે તે હમો ને સમજાવો તો ઠીક કારણ ત્યા જમાતમાં કંઇ કાચો કપાઇ નહિ જાય.

ઇબ્રાહીમ—ભાઇઓ ! આપણી જમાતનો કાયદો કેટલો ખરાબ છે કે આપણે પર ન્યાતીલી સ્ત્રી ને લગ્ન કરી લાવીએ તેનો સાદ જમાતમાં ફરે નહિ અને તેની ઓલાદનો પણ સાદ ફરે નહિ તે બાબતમાં મે અરજીમાં લખ્યું છે કે આપણી જમાતનો આ કાયદો કહાડી નાખવું આપણી મત સાથે શેઠ કાસમ અને શેઠ હાસમ પણ મલતા છે એથી એ શેઠો પણ આપણ ને મદદ કરશે.

મુશા—હા. હા. એમાં શું વળી એ કાયદો જોઇએ શું કરવા ?

ઇબ્રાહીમ—ભાઇઓ ચિંતા ન કરો ઉતાવળે આંબા પાકતા નથી પણ એટલું તો યાદ રાખજો કે એના જે વીરૂધ છે તેને તો જરા વારમાં ભુસી નાખસુ. હવે ઉતાવળ કરો નવ વાગી ગયા છે આપણે ત્યા જલદી જવુ જોઇએ (આટલી વાત કર્યાં પછી તેઓ પોતાની ડીસીઝ ખાલી કરી ચાહ કાફીના પ્યાલા પીને તઇયાર થઇ બીલના પઇસા આપી ચાલતા થયા) આ વખતે રાત્રીના નવ વાગી ગયા હતા આ મિત્રો અરસ પરસ વાતો કરત્તા કરતા જમાતખાના આગળ આવી પહોંચ્યા.

ઇબરાહીમ—મિત્રો મેં તમોને સમજાવ્યો છે એના માટે સાવધાન રહેજો વળી તમને કહું છું કે જેવો હું અથવા કાસમ શેઠ કે હાસમ શેઠ કાંઇ બોલે કે તમો તરત અલ્લાહો અકબર કરી મોટો ઘોંગાટ કરી નાખજો ને મોટે મોટેથી બુમો પાડજો કે બરોબર છે બરોબર છે પછી જરાવારમાં આ કાયદો પાસ કરાવી લેશું પણ

તમો ના હીમત પ્રશો નહિ એમ કહી બધા મિત્રો જમાતખાનાની અંદર દીવાનખાનામાં આવી બેઠા.

આ દીવાનખાનું જુની ઢબથી ગોઠવવામાં આવ્યું હતું તેની આજુબાજુની ભીંતો ઉપર સુંદર છબીઓ ટાંગવામાં આવી હતી ને તેમાં ચાર મોટા કબાટો ગોઠવવામાં આવ્યા હતાં તેની એક બાજુ સુંદર ગાલીચા ઉપર ગાદી તકયા નાખી દીધા હતા આ વખતે શેઠ દીવાનખાનામાં હુકો ગગડાવતા બેઠેલા હતા અને થોડા બીજા જમાતના ભાઇઓ બેઠા હતા અને બીજા ભાઇઓની આવવાની વાટ જોતા હતા.

ભાઇઓ આપણી વાર્તામાં ભાગ લેનાર આ ઇબરાહીમ કોણ હતાં તે જાણવા દરેક વાંચકવૃંદને આતુરતા થતી હશે તો તમને તે કોણ છે તે આ અદના કલમથી લખેલ બીજો ભાગ શુધ્ધ કે અશુધ્ધ નામની નવલકથામાં જણાવીશ.

પ્રકરણ ૨ જું.

જમાતખાનાનો દીવાનખાનું.

હા ભરસ અબરે કરમ દેર નહિ હય અછી
કે ન હોને કે બરાબર હુવા હોના અપના
લુત્ફ યે હય કે ફુલે કોમકી ખેતી ઇસસે
વરન હોને કો તો આંસુ બી હય દરયા અપના

રાતના દશ વાગ્યાનો સમય થયો હતો મેમણ મહોલ્લા ઉપર આવેલા આલીશાન મકાનમાં વીજલીની રોસનીથી તથા માણસોની ઠઠ્ઠથી જાણે અત્યારે પણ દીવસ હોય તેવો ભાસ થતો હતો એક માણસને પુછવાથી માલુમ પડયું કે આ આલીશાન મકાન મેમણોનો જમાતખાનું છે અને આજે જમાત ભેગી થઈ છે. બહાર ઉભેલા થોડા માણસો જે બીડીઓ ફુકતા હતાં તેમાંથી એકે કહયું કે ચાલો આપણે બનતી ઉતાવળથી જઇ પહોંચીયે કારણ આજે ઇબરાહીમની અરજી છે તે શું પોતાના વીચારો દરશાવે છે તેનાથી આપણે અજાણ્યા રહીશું. આટલી વાત કર્યા પછી તેઓ પોતાની બીડીઓ ફેંકી આ મિત્રો અરસ પરસ વાતો કરતાં કરતાં દીવાનખાનામાં આવી બેઠા આ દીવાનખાનામાં ગાદી તકયા ઉપર એક વૃધ્ધ પુરૂષ વિચાર કરતો બેઠેલો હતો અને તેની આજુબાજુ ચારસોથી પાંચસો માણસો બેઠા હતાં.

એકા એક આ વૃધ્ધ પુરૂષ જેમ માણુસ ઉંઘમાંથી હુશયાર થાય તેમ વીચાર કરતાં હતાં તે હુશયાર થઇ પોતાના હાથમાંની હુકકાની નહ્લી બાજુએ મુકી ઉભા થઇ કહેવા લાગ્યા ભાઇઓ ! આજે જમાત ભેગી થઇ છે તેના કારણો તમો બધા જાણો છો પણ મારી કોમની આળસ અને બે પરવાઇ જોઇ મને અફશોસ થાય છે. કારણ આજે નવ વાગે જમાત ભેગી થવાની હતી પણ હમણા દશ વાગ્યા છે તો પણ હજી પુરા ભાઇઓ આવ્યા નથી હવે જમાતનો કારભારી મીનીટ વાંચી સંભળાવશે પછી શેઠ યાકુબ જમાતમાં આવેલી અરજીઓ વાંચી સંભળાવશે તે ઉપર તમો પુરેપુરો વીચાર કરી જવાબ સવાલ કરજો કારણ તમોને સત્ય પામવા માટે અથાગ પ્રયત્ન કરવો જોઇએ અને જમાત પ્રત્યેથી એ તમારી વફાદારી ફરજ છે એમ સમજવું જોઇએ અને દરેક કામ સંપથી કરવું જોઇએ એ વીસે શેખ સાદી સાહેબે પણ કહ્યું છે કે.

દો દીલ યક શવદ બીસ કુનદ કોહરા

અરથ—બે માણુસ એક દીલ હોય તો પહાડને પણ તોડી નાખે છે ને વળી આ જમાતનો કામ છે એમાં ફકત કોઇ એકનો સ્વાર્થ હોય તો તે ઉપર વિચાર કરજો કે બીજાઓને એથી ફાયદો છે કે નુકશાન છે.

એ પછી જમાતની મીનીટ વંચાઇ તેના ઉપર શેઠે ભાઇઓને પુછી સહી કરી એ પછી શેઠ યાકુબ અરજીઓ વાંચવા ઉભા થયા.

યાકુબશેઠ—મારા મહેરબાન ભાઇઓ આપણી જમાતની મેનેજીંગ કમીટી ઉપર ચાર પાંચ ભાઇઓની અરજીઓ જમાતમાં રજુ કરાવવા

આવી છે તેમાં આ પહેલી અરજી આપ ભાઇઓને વાંચી સંભળાવું છું તે ઉપર પુરે પુરો વીચાર કરી વાદવીવાદ કરજો.

અરજી.

મહેરબાન પ્રમુખ સાહેબ તેથી મેનેજીંગ કમીટીના મેમ્બરો.

સાહેબો જત સલામ સાથે લખવાનું કે આ **અરજી** જમાતની પહેલી મલનાર સમસુત સભામાં રજુ કરશોજી.

હું નીચે સહી કરનાર આપ ભાઇઓ પાસે અરજ કરૂં છું કે આપણી જમાતના કેટલાક ભાઇઓની ઓલાદ બીજી ન્યાતની સ્ત્રીમાંથી છે જે અશુધ્ધના નામે ઓળખાય છે તેઓનું જમાતની રૂઢી પ્રમાણે સાદ કરતો નથી. એ તદન આ અશુધ્ધ ભાઇઓને ગેરઇન્સાફ થવા જેવો છે વાસ્તે જમાતે ઇન્સાફની નજરે જે ભાઇઓના સાદ કરતા નથી તે ભાઇઓના સાદ કરવાનો હુકમ આપવું.

લી૦ સેવક,

ઇબ્રાહીમ લધા.

બચુ શેઠ—મહેરબાન પ્રમુખ સાહેબ અને ભાઇઓ આ અરજી અશુધ્ધ ભાઇઓનાં લગતી છે તેથી જમાતના કાયદા માફક રજુ કરાય નહિ એવી મારી દરખાસ્ત છે.

યાકુબ શેઠ--આ અરજી વિષે મારૂં કહેવું છે કે હમો અશુધ્ધ તરીકે કોઇને પણ અશુદ્ધ કહેતા નથી જે ભાઇઓ બીજી ન્યાતમાંથી સ્ત્રી લાવ્યા છે અને તેમાંથી ઓલાદ થઇ છે તેને હમો વગર સાદના ભાઇઓ કહીએ છીએ ભાઇ ઇબ્રાહીમ પોતાની અરજીમાં અશુધ્ધ

શબ્દ લખી પોતાની ઓલાદનોબી અપમાન કીધાં છે. અને બચુ શેઠ એ એવી દલીલ કીધી છે કે આ અરજી કાયદાથી વીરૂધ છે વાસ્તે જમાતમાં રજુ કરાય નહિ તે વાજબી છે તો પણ આ ચર્ચાનો નીકાલ એક વખત થયલો હોય તો હર હમેશાની પંચાતી નીકળી જાય માટે આ અરજી ઉપર વાદવીવાદ કરી છેવટનો નીવેડો લાવવો જોઇએ, અને ભાઇ ઇબરાહીમ આ અરજી વીષે શું શું દલીલો લાવે છે તે આપણે સાંભળવી જોઇએ.

બચુ શેઠ—ભાઇ ઇબરાહીમને એ બાબતમાં કાંઇ હક નથી કે એવણ એ વીશે કાંઇ પણ ફરયાદ કરે કારણ ઇબરાહીમભાઇના ઘેરમાં બીજા ન્યાતની સ્ત્રી છે તેથી એમાં એ ભાઇનો સ્વાર્થ છે અગર કોઇ બીજો ભાઇ જેનો સ્વાર્થ એમાં નહિ હોય તે કાંઇ કહેવા માગતો હોય તો જમાત સાંભળશે.

ઇબરાહીમભાઇ—હું પોતે વગર સાદનો ભાઇ છું ! એવું તમો પુરૂફ કરો છો?

બચુ શેઠ—ભાઇ ઇબરાહીમને વગર સાદનો ભાઇ છે કરી મેં કહયો નથી પણ એવણના ઘરમાં વગર સાદની સ્ત્રી છે તેથી એવણનો એમાં સ્વાર્થ છે.

ઇબરાહીમભાઇ—તો મારા છોકરાને વાદવીવાદ કરવાનો હક નથી પણ મને છે.

હાસમ શેઠ (ઇબરાહીમનો સાથી)—ભાઇ ઇબરાહીમને વાદવીવાદ કરવાનો હક છે આપણે એમાં ભાઇ ઇબરાહીમને રોકી શકતા નથી કારણ ભાઇ ઇબરાહીમ શુદ્ધ છે.

બચુ શેઠ—ભલે ઇભરાહીમ ભાઇ શુધ્ધ છે પણ જે વાદવીવાદ થવાનો છે તે વગર સાદના ભાઇઓ વીસે છે તેથી આપણી જમાતની રૂઠી માફક હક નથી.

યાકુબ સેઠ—ભાઇઓ હું આગળ કહી ગયો છું કે હમણા હક છે કે નહિ એ ઉપર આવવાનો નથી પણ એ વાતનો નીવેડો લાવવા સારૂં આપણે આજે કોઇબી ભાઇ બોલવા માગતો હોય તો તેને રજા આપવી જોઇએ કારણ આ વગર સાદના ભાઇઓ છે તે પણ આપણા ભાઇઓનીજ ઓલાદ છે આપણે એ લોકોને દરેક રીતે મદદ કરતાં આવ્યા છીએ અને આ સાદની બાબતમાં પણ એ લોકોના દીલથી વહેમ દુર થવો જોઇએ કે એ બાબતમાં પણ આપણે હક પર છીએ કે નહિ.

બચુ શેઠ—હું યાકુબભાઇની દરખાસ્તમાં એક સુધારો મુકું છું. કે મત આપવાના કામમાં કોઇ વગર સાદના ભાઇએ દખલ આપવું નહિ.

આ સુધારો વધુ મતે પસાર થયો અને ઇભરાહીમભાઇ બોલવા ઉભા થયા.

ઇભરાહીમભાઇ—મારા અઝીઝ ભાઇઓ મને કટલી વખત આપણી કોમની રૂઠીઓ ઉપર વીચાર આવે છે કે, શું! બીજા મુસલમાનો આપણા ભાઇઓ નથી! અગર આપણી ન્યાતમાંથી કોઇ ભાઇએ બીજી ન્યાતમાંથી સ્ત્રી લગ્ન કરી લાવે તો તે સ્ત્રીનો સાદ કરે નહિ. અને તે ઓલાદનો પણ સાદ કરે નહિ તકસીર બાપ કરે ને સજા

છોકરાઓ ભોગવે એ કેવો ઇન્સાફ કહેવાય વાસ્તે આ કાયદાને હમે શનાં સારૂ રજા આપવી જોઇએ.

ભાઇ ઇબરાહીમનું આટલું બોલવું કે દીવાનખાનામાં ભાઈ ઇબરાહીમના સાથવાલા મોટો ગોંઘાટ કરી વહા, વહા બરોબર છે બરોબર છે અલ્લાહો અકબર કરી બુમાબુમ કરી નાખ્યા અને મુસા ભાઈ જલદી ઉભા થઈ ગયા.

મુસાભાઇ--(ઇબિરાહીમનો સાથી) હું ભાઇ ઇબરાહીમને ટેકો આપું છુ.

શેઠ—ભાઇઓ તમે જે વધારે મતે પાસ કરશો તે થવાનો છે પણ તમો સમજો કે ગોંગાટ કરી મછી મજાર માફક અહીયા તુફાન કરીને તમો જે ધારસો તે થવાનો નથી વાસતે નીશતે વાદવીવાદ કરશો તેમાં વાજબી ગણાસે. મારા ભાઇઓ તમોને અગર ખરેખરી રીતે કોઇ પણ તત્વની પરીક્ષા કરવી હોયતો તે માટે પ્રત્યક મનુષ્યે પોતાના મગજને તદન જ નીર્મળ રાખીને બીલકુલ તટસ્થ વૃત્તીથી જોવુ જોઇએ કેમકે માણસને કેટલાક વીચારો અને તત્વો તરફ ખાસ પક્ષપાત હોય છે જેમકે કેટલાક લોકોના અથવા કેટલાક લેખકના અતરાફ વાલાઓ એ તરફ પક્ષપાત હોવાથી તે સાંમેવાલા તરફ સ્વભાવીક ઉપેક્ષા કરશે અને પોતાની ટોલીમાંની વાતવરણમાં રહેવાથી તેને એવો પક્ષપાત જ થઇ જાય છે કે જેથી તે બીજા બોલવા વાલા અથવા બીજાના લખાન વીચાર કર્યા વીનાજ વખોડી કાઢશે એમ કરનાર હમેશાં પક્ષપાતી પણાને લીધે એક પક્ષી જ દલીલો અને વાતો કરે છે જ્યારે બીજા પક્ષને માટે મગજના દાર બીલકુલ બંધ જ રાખે છે પરીણામે તેનો વિકાસ જ

અટકી પડે છે. તેવા મંડળના વીચારો કુંડના પાણી જેવા બની છેવટે ગંધાઇ ઉઠે છે એટલે વસ્તુતા પાણી હોવા છતા તે ગંધાતુ હોવાને લીધે તેની નજીક કોઇ જતુ પણ નથી સ્વભાવીક રીતે જ મનુષ્યો પાણીના વહેતાં ઝરા પાસે જ જાય છે હવે જે ભાઇને વાદવીવાદ કરવી હોય તે ખુશીથી કરે.

બચુશેઠ—ભાઇ ઇભરાહીમ. એ જે કહયું છે તેમાં હું બે સવાલો પુછવા-માગુછું (શેઠથી રજા માગી.)

શેઠ—હા પુછો.

બચુ શેઠ—ભાઇ ઇભરાહીમ. જે માણુસ ચોરી કરવા જાય છે તે પોતે સમજે છે કે ચોરી કરતાં પકડાઇ જઇશ તો જેલની જાત્રાએ જવું પડસે એ તો તમે જાણો છોને.

ઇભરાહીમભાઇ—હા એ તો કાયદો છે કે ચોરી કરતાં પકડાય તો જેલ જવું જ જોઇએ.

બચુ શેઠ—તો શું ! જે માણુસ પર ન્યાતીલી સ્ત્રી લગન કરી લાવે છે તે નથી જાણતો કે જમાતનો કાયદો છે કે સાદ ફરસે નહિ.

ઇભરાહીમભાઇ—(થોડીવાર વીચાર કરી) હા પણ તેને કોમમાંથી નહિ મલે તો તે શું કરે.

બચુ શેઠ—(હસતાં હસતાં) ભાઇ ઇભરાહીમ હું તમોને પુછુ છું કે જે માણુસ ચોરી કરી માજીસ્ટર પાસે બચાવ કરે કે મને ખાવાને નહિ હતો તેથી ચોરી કીધી તો શું ! માજીસ્ત્રેટ તેને જવા દેસે.

હાસમ શેઠ—(ઇબરાહીમનો સાથી વચમાં બેઠો ઉઠયો) તમો માજીસ્ટ્રેટની દલીલ અહીં શું કામ લગાડો છો પણ ભાઇ ઇબરાહીમની દલીલ છે જે બાપ તકસીર કરે અને છોકરાને ભોગવવું પડે તેનો તો જવાબ આપતા નથી.

બચુ શેઠ– ઘણી ખુશી સાથે તમારો જે સવાલ છે તેનો જવાબ હું આપુશું પણ તમારો પોતાનો સવાલ છે જેમાં તમો પોતે તેના બાપને ગુનેહગાર ઠરાવો છો તો છોકરા આગળ તેનો બાપ ગુનેહગાર છે તો છોકરાને જોઇએ તેની સજા ને પોતાના બાપને કરે કારણ બીજા કોઇની શું મજાલ છે કે બાપ દીકરામાં દખલ આપે. ને વળી જમાતનો તો કાયદો તે છોકરો પેદા થયો તેનાથી આગલનો છે વખતે તેમાં જમાતને કાંઇ લાગે વળગે નહિ અને તે ગુનેહગાર તો છોકરાનો છે નહિ કે જમાતનો કે જમાત ઇન્સાફ આપે? ભાઇઓ હું બીજી એક બે દલીલો આપીશ. અને તે કેટલી મજબુત. દલીલ છે તે તમે વીચારશો.

એમ સમજો કે એક માણસને જનમ દેસનીકાલની સજા થઇ અને તેનીજ રીતે એક સ્ત્રીને પણ સજા થઇ છે તેવો બેઉ અંનદોમન તાપુમાં સાથે નીકા કીધા અને તેઓને છોકરા થયા તે છોકરાઓ તેના મા બાપ સાથે જ અંનદોમન ટાપુમાંજ રહેશે કારણ તેના મા બાપ તે છોકરાઓને મુકસે નહિ અને છોકરાઓ તેના મા બાપને મુકસે નહિ ને વળી સરકાર પણ ત્યાંની રઇવત વધારવા તેને ત્યાંથી જવા દેશે નહિ તો તમો એને શું કહેશો. શું તેના મા બાપના કારણે છોકરાઓને ભોગવું પડતું નથી? એ સીવાય કેટલી બાબતોમાં બાપના ગુનાહ છોકરાઓને ભોગવું પડે એવી કુદરતનીજ નેમ છે. એમાં કેટલીક

બીમારીઓ જેવી કે દમો, દીક, આતેસક વગેરે બાપની બીમારીઓ–તેની ઓલાદમાં ઉતરે છે ત્યારે શું કુદરત ઉપર પણ તમો ઇલ્જામ રાખવા માગો છો? વળી દરેક માણસ પોતે પોતાનો ભવીષ્ય સારી રીતે વીચારી કામ કરે છે. અને તે બીજી ન્યાતની સ્ત્રી લાવે છે ત્યારે એ બરોબર સમજે છે કે તેને ઓલાદ થશે અને તેનો સાદ ફરસે નહિ તો તે સમજી વીચારી એ કામ કીધો છે એમાં આપણે વીચારવાનો કાંઇ નથી. અને ભાઇ ઇબ્રાહીમ કહે છે કે મુસલમાન બધા શું ભાઇઓ નથી? તો કયો મેમણ એમાં ઈન્કાર કરે છે. હમો તો એમજ કહીએ છીએ કે હર એક મુસલમાન એક બીજાના ભાઇ છે.

મુસાભાઇ—(ઇબરાહીમનો સાથી) બચુ શેઠ તમોને ઇબરાહીમભાઇએ સવાલ પુછયો કે કોમમાંથી કોઇ છોકરી આપે નહિ તો તે શું કરે. તેનો તો જવાબ આપતાં નથી ને માજીસ્ત્રેટને અનદોમન ને દમઆને ઉપાડી લાવ્યા ને વળી બાપને ગુનેહગાર ઠરવા લાગ્યા.

બચુ શેઠ—મુસાભાઇ એનો જવાબ પહેલા આપ્યો છુ ને વળી પાછો તમો યાદ અપાવ્યા તે ઠીક કીધા.

હું ધારતો નથી કે કોઇ પણ ભાઇ સારી ચાલ ચલણનો હોય અને ચાર પૈસા કમાવતો હોય તો તેને કોવમમાંથી સ્ત્રી મળે નહિ. એ બનવા જોગ નથી. હા પોતે ગરીબ હોય અને હવેલીનો ખ્વાબ જોતો હોય તો કયાંથી મલે? જેવી પોતાની હાલત હોય તેવાજ ઘરમાં ચડે તો જરૂર તેની વાત કબુલ થાય, લગન કરવા કોણ એવો માણસ છે જે નહિ ઇચ્છતો હોય? જે રૂપીયા ૩૦ થી ૩૫ કમાવતો હશે તે

પણ કહેશે કે તેના લગન જલદી થાય તો સારૂં પણ આજના વખતમાં તે પોતાનો પેટ મુશકેલીથી ભરતો હોય તો વળી બઇરી છોકરાંને શું ખવડાવે ને કપડા લત્તા ભાડો વગેરે કેમ પુરો કરશે એ કાંઇ વીચાર કરતો નથી ને વળી કહેશે કે મને કોવમમાંથી મલતી નથી શું ખાક મલશે? એક છોકરાના મા બાપને છોકરા પર પ્યાર હશે તેથી વીશેષ છોકરીના મા બાપને છોકરી પર પ્યાર હશે તો શું પોતાની છોકરીને જોઇ વીચારી ખાડામાં હડસેલી દેશે? કદી નહિ. એ બધી ખરાબીઓ આપણી કોવમમાં કેળવણી નથી તે કારણે છે બીજી કોવમો જેવી કે ખોજાઓ, પારસીઓમાં છોકરાઓ પોતે જ્યાં સુધી બરોબર પોતાના પગ ઉપર ઉભા રહેવા જેવી હાલતમાં થશે નહિ ત્યાં સુધી લગન કરશે નહિ. અને જયારે તે જોશે કે તે પોતે સારી જેવી કમાણી કરી શકે છે અને બાયડી બચ્ચાઓનો પોષાણ કરી શકસે તોજ તે લગન કરશે.

મારા મહેરબાન ભાઇઓ તમો વિચારશો તો વચારે સમજ પડશે કે એક છોકરીના મા બાપને છોકરીની ઉમર વરસ ૧૦ ની થશે કે તેને છોકરીની ફીકર રહેશે તેઓ તેના લગન સારૂ આસ્તે આસ્તે થોડી થોડી ચીજો ભેગી કરતા રહેશે અને કાગને ડોળે ચારો તરફ જોતા રહેશે કે કોઇ સારા છોકરાની વાત આવે તો ઠીક અને છોકરીના નશીબ કોઇ સારી જગાએ જલદી ઉઘડે તેના સારૂ તેનાં માં બાપ ખુદા પાસે દુવા માગતા રહેશે અને બીજી બાજુ છોકરાના માં બાપને કેટલી ફીકર રહે છે એ તમો વીચારી જુવો! તે કહેશે કે જોઇ લેશું વખત આવવા દો વળી કેટલાક આપણા ભાઇઓનું

કહેવું સંભળાગી મને તાજુબી લાગે છે કે તેઓ વગર વીચ.રે કહે છે કે આપણી કોવમમાં જલદી છોકરી આપતા નથી અને ગરીબો પણ હવેલી જુએ છે એવી કેટલીક વાતો કરે છે.

હવે થોડા વખત વારને હું માની લઉં છું ને તમોને પુછું છું કે કોણ એવો માણસ છે જે પોતાની ઓલાદને સુખી કરવા કોશીશ કરતો નહિ હોય. તમો પોતે પોતાને આરામમાં રાખવા દરેક કોશીશો કરો છો તો તેથી વધારે શું ! તમારા બચ્ચાઓને આરામમાં રાખવા કોશીશ કરશો નહિ ! દરેક રીતે બરોબર કોશીશ કરી તેના ભલા સારૂ જોશો. અગર તમો તમારી બચીઓને બરોબર તપાસ કરવા વગર કોઇને આપશો અને તે છોકરો બદમાશ શરાબી અથવા તેના ઘેરમાં તેની માં બેનનો દુખ હશે અથવા તે છોકરાનો કોઈ રીતનો દુખ હશે તો તમો ધાતકી આંખોના આંધળા કહેવાશો કે નહી ! અગર તમોને ખબર હોય તો તમો એવા છોકરાને તમારી બચી આપશો ! કદી નહિ કદી નહિ અને એવા છોકરા કહેશે કે હમોને કોવમમાંથી છોકરી મલતી નથી તો શું છોકરીના માબાપ આંખે પાટા બાંધી બેઠા છે કે એવા છોકરાને પોતાના જીગરને ઉપાડી આપી દેશે.

ભાઇઓ જે માણસ પર ન્યાતીલી સ્ત્રી લાવ્યો છે તેને હું ચેલેન્જ કરૂં છું કે તે જે વખતે પર ન્યાતિલી સ્ત્રી લાવ્યો હતો તે વખતે તેની જે હાલત હતી તેવીજ હાલતના છોકરાને હમણા તે પોતાની છોકરી આપશે એ સોગનથી કહી શકે છે ?

અરે એ કદી નહિ બને દુન્યામાં દરેક માણસને બીજાના બચાંથી પોતાનો બચો વધ.રે વ્હાલો લાગે છે અને છોકરાથી પણ

વધારે વહાલી છોકરી લાગે છે એ તરત વીચાર કરશે કે એ છોકરો જે પગાર લાવે છે. એમાં મારી છોકરી નો ખરચ પુરો કરી સકશે કે! અથવા તેના જે ફેલરીતુર હશે તેના તરફ જોશે એવીજ રીતે દરેક માણુસ પોતાની છોકરી નો ભલો કરવા બનતી કોસીસ કરશે.

ભાઇઓ દુન્યાની રૂઢી છે કે હમેશા તુલને તુલ મલે અગર એક છોકરો રૂ. ૧૦૦ કમાવતો હોય તો તે જોય કે જે માણુસ રૂપીયા ૭૫) કમાવતો હોય તેની છોકરી ઉપર વીવાહની માંગણી મોકલે તો તે જલદી થશે કારણુ તે છોકરીનો બાપ એમ સમજસે કે તે પોતે રૂ. ૭૫ માં પોતાના ઘરનો ખરચ ચલાવે છે તો એ છોકરો તેનાથી સારી હાલતનો છે.

ભાઇઓ આપણી કોવમમાં કેટલીક મોટા વારસા હીસાવાલી છોકરીઓમાંથી કોઇક છોકરીઓના વાલીઓ તે છોકરીની મીલકત પચાવા સારૂં કદાચ લગ્ન કરી આપતા નહિં હશે એ વાત બનવા જોગ છે કારણુ કે તેઓ એમ ધારે છે કે તે છોકરી રીબાઇ રીબાઇ મરી જવા પછી તેની મીલકત તેવોને હજમ થઇ જાય તો એવા એકાદ દાખલાથી કાંઇ એમ ઠરતુ નથી કે કોવમમાંથી છોકરીઓ મલતી નથી.

ભાઇઓ કોઇ સારો છોકરો જે સારી જેવી કમાઇ કરતો હોય અને તેના ઘરમાં કોઇ રીત નો દુખ નહિ હોય તેવા ને કોવમમાંથી છોકરી મલી નથી એવું કોઇ બહાર આવી સાબીત કરી દેખાડે છે?

હું કહું છું કે એકબી એવો છોકરો નીકળશે નહિ જે સારો હોય અને તેને કોવમમાંથી છોકરી મલી નથી.

મગર અફસોસ છે કે બોલવાવાલા એવા છે કે જે પોતે હજારો એબથી ડુબેલા છે ને મોટી મોટી વાટો કરે છે.

જમાતના શેઠ—ભાઇઓ હું એક સવાલ પુછું છું તેનો કોઇ જવાબ આપશો કે ! અગર આપણે આ સાદનો કાયદો કાઢી નાખીએ અને તે પછી કોઇ ભાઇની બીજી ન્યાતથી લાવેલી સ્ત્રીમાં કાંઇ વાંધો પડે અને તે કેસ જમાતમાં આવે અને જમાત તે બાઇને કાંઈ હુકમ કરે અને તે હુકમ તે બાઈ માને નહિ તો જમાત તેને શું કરી શકે છે ?

કાસમ શેઠ—(ઇબરાહીમના સાથવાલો) જમાતના હાથ ઘણા મોટા છે.

શેઠ--(હસ્તાં હસ્તાં) ભાઇ કાસમે કહ્યું કે જમાતનો હાથ મોટો છે તો જમાતની છેલ્લામાં છેલ્લી સજા ન્યાત બહાર કરવાની છે જે સ્ત્રી પોતાની ન્યાત મુકી બીજાની ન્યાતમાં આવી તેને આપણી ન્યાતની શું ગરજ તેના સારૂં દશ ન્યાતોમાં જવા રસ્તાં ખુલ્લા છે. હવે આ સાદની બંધી હોવા છતાં આપણાં કેટલાક ભાઇઓ વગર સાદની બાઇઓ સાથે નીકાહ કરી લાવ્યા છે તો વળી છુટ હોય તો જેને જોઇએ તેવી રીતે બહારની ગમે એવી સ્ત્રી લાવે અને જમાતમાંથી કોઇ કોઇની પુછા કરે નહિ માટે તમો ભાઇઓ પુરેપુરો વીચાર કરી હજી એ વાદવીવાદ કરજો તો પણ એટલું યાદ રાખજો કે,

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે. તમારી જાતો (કોવમો) અને કુટુંબો ઠેરાવ્યા તાંકે તમો એક બીજાને ઓળખી શકો (કુરાન શરીફ–રૂકુ–૧૪–સુરા–હજરાત રૂકુ–ર.)

તમે ઉપલી આયતે કરીમાંથી જોશો તો અલ્લાહ તઆલાએ આપણી જાતો ઠેરાવી છે તે છતાં આપણા કેટલાં ઉછાછલા ભાઇઓ પોતાની હાલત બદલવા પર ન્યાતીલીમાં જઇ પડે છે ને પોતે પોતાના હાથે પોતાની હાલત બદલે છે.

ખુદાને આજતક ઉસ કવમકી હાલત નહિ બદલી,
ન હો જીસ્કો ખ્યાલ ખુદ અપની હાલત કે બદલને કા.

હવે એ પરથી જોશો તો.

૧. ન્યાતોની વ્યવસ્થા તે આપણા પુર્વજોએ કરેલી સારામાં સારી રચના છે.

૨. ન્યાતોને લીધે મેમણ સમાજ જળવાઇ રહયો છે.

૩. ન્યાતોને લીધે બંધુભાવ વધુ મજબુત બને છે કેમકે તેથી કેટલાંક કુટુંબો વચ્ચેનો સંબંધ દ્રઢ થતો જાય છે.

૪. ન્યાતોને લીધેજ મેમણોનો નામ જળવાઇ રહયો છે.

૫. આથી ન્યાતો સાચવવાની જરૂર છે.

ભાઇઓ એવું નહિ થાય જે એક શાયેરે કહયું છે કે.

"સુના હય આજ કે કવ્વા ખુશીસે ફુલ ગયા
ચલા જો હંસકી ચાલ અપની ચાલ ભુલ ગયા"

પ્રકરણ ૩ જું.

ફતવાની સમજ.

અબદુલ્લાભાઇ—(ઇબરાહીમનો સાથી) ભાઇઓ હમણા જે વાદ વીવાદ થયો તેમાં બોલવામાં આવ્યું કે મુસલમાન બધા એક બીજાના ભાઇઓ છે અને કયો મેમણ એમાં ઇન્કાર કરે છે એ મોઢેથીજ ખાલી બોલવાનું અને કોઇ મુસલમાનની છોકરી લગન કરી લઇ આવે તો તેના ઓલાદનો સાદ ફરે નહિં એ શું કહેવાય એ શું કાફરનો રીવાજ કહેવાય નહિ એથી શું ખુદાના ગુનેહગાર તમો થતા નથી તોબા તોબા તમો એવું કંઇ કોઇ હદીસથી સાબીત કરી દેખાડશો કે બીજી કોમની સ્ત્રી લાવું નહિ અને તેનો સાદ ફરે નહિ અથવા એવો કોઈ ફતવો તમારી પાસે છે. અગર હોય તો દેખાડો ફકત મોઢાથીજ ભાઇઓ છીએ કરી કહેવાય છે પણ કામ તો બધા હીંદુ રસમ ઉપર ચાલતા આવે છે એથી ખુદાના ગુનેહગાર છો.

આમદ શેઠ—અબદુલ્લાભાઇ જરા ધીરા પડો કાફરનો રીવાજ વગેરે બોલવા અગાઉ જરા સભ્યતાથી પુછો તો તમોને પુરેપુરા જવાબો મલ્યા છે અને હજીયે મલશે.

ભાઇઓ આપણા મોટાઓ કહી ગયા છે કે જ્યારે કોઈ પણ તત્વ નાશ પામવાની હદે પહોંચે છે ત્યારે તે તત્વમાં મૃત્યુનો ઝબકારો

દેખાય છે તેનો સાથે સાથે નીમોહ્યતાની નીશાની રૂપ ચીઠીયાપણું વધતું જાય છે. ભાઇઓ આ લીયે હું આ ફતવો લખાવી લાવ્યો છું. એ જેને જોવું હોય તે આ લીયે અને વાંચી નીરાંતે હજીએ વાદવીવાદ કરે કે આપણને આપણી કુફવો સંભાળવાનો હક છે કે નહિ તે આ ફતવાથી તમો સમજશો ભાઇઓ હમો એમ કહેતા નથી કે કોઇ બીજી કોમની સ્ત્રી સાથે નીકા કરી લાવે તો તે નાજાયઝ છે બીજા કોમની સ્ત્રી તો શું પણ કોઇ અગર એક તવાયફ સાથે નીકા કરશે તો તે પણ જાયઝ છે એમ હમો માનીએ છીએ હમો તો ફકત હમારી કોવમની બહેતરી સારૂં કુફવો સંભાળવાનીજ તજવીજ કરીએ છીએ હમો હમારી બીરાદરી અને કુફવો સીવાય બાહેર શાદી કરતા નથી અને જે કરે તેના ઓલાદનો સાદ ફરશે નહિ એવી જમાતની બંધી છે આ બંધી કાંઇ હાલની નથી પણ પાંચસો વર સથી ચાલતી આવે છે. (એટલું કહી ફતવો લખેલો કાગળ શેઠના હાથમાં આપ્યો તેથી કેટલાંક ભાઇઓ જોર જોરથી બુમો પાડી કહેવા લાગ્યા કે જરા ફતવો વાંચી સંભળાવો તેથી શેઠે આપણા જાણીતા યાકુબ શેઠને વાંચી સંભળાવા આપ્યું તેથી યાકુબ શેઠ ફતવો વાંચવા ઉભા રહયા.

યાકુબ શેઠ—મારા મહેરબાન ભાઇઓ આ ફતવો વાંચવા અગાઉ હું આમદ શેઠનો ઉપકાર માનું છું કારણ કે આ વખતે આમદ શેઠ પોતાની સાથે ફતવો લખાવી લાવ્યાથી હમો સર્વે જણા વધારે ખુલાસો મેળવવા ભાગ્યવાન થયા છીએ અને તમો બરોબર ખ્યાલ રાખી સાંભળશો એવી મારી અરજ છે.

ઇબ્રાહીમભાઇ—(ઇબ્રાહીમે મનની મનમાં વીચાર કીધો કે ફતવો વંચાશે તો આખી બાજી ઉલટી જશે તેથી વચમાં એકદમ ઉભો થઇ સવાલ પુછયો) યાકુબ શેઠ અગાઉં મારો એક સવાલનો જવાબ આપી પછી તમો ફતવો વાંચજો હું પુછું છું કે કુરેશ ખાનદાનની છોકરી હઝરત ઝયદ જેવા ગુલામની નીકામાં શું અપાઇ નથી. જ્યારે કુરેશ જેવા ખાનદાને આ વાતમાં ઉંચ નીચ જોઇ નથી તો શું ? મેમણો કુરેશ ખાનદાનથી વધી ગયા ?

યાકુબ શેઠ—હું પહેલા ફતવો વાંચી લઉં પછી તમારા સવાલનો જવાબ આપું છું.

ઇબ્રાહીમના સાથવાલાઓ જોર જોરથી બુમો પાડી–નહિ નહિ પહેલા આ સવાલનો જવાબ આપો.

યાકુબ શેઠ—ઠીક છે. ત્યારે પહેલા તમો પોતે કાંઇ જાણતાજ નથી કે આર્ય સમાજીઓમાંથી જે રંગીલા રસુલ નામની ચોપડી એ મરદુદે છાપી છે તે એવીજ વીગતો પર ઉભી કરી છે તમો જરા બેસી જાવ અને નીરાંતે સાંભળો ને વળી પોતાના સ્વાર્થ ખાતર જેમ આવે તેમ બોલવામાં માલ નથી. હવે મગજને જરા ઠેકાણે રાખીને સાંભળો.

આ હઝરત (સ. અ.) ના જમાનામાં એક ગુલામ નામે ઝયદ બીન હારીસ મકકા શરીફના બઝારમાં વેચાતો હતો તે ગુલામ ઉમ્મુલ મોમીનીન હઝરત ખતીજતુલ કુબરા (ર.) ના હુકમથી ખરીદ કરવામાં આવ્યો પાછળથી ઉમ્મુલ મોમીનીન હઝરત

ખતીજતુલ કુબ્રા તે ગુલામને રસુલે મકબુલ (સ.અ.સ.) ની હુજુરી માં નજર (ભેટ) કીધાં પાછળથી આં હઝરત (સ.અ.સ.) એ તે ગુલામને આઝાદ કીધાં આઝાદ થયા પછી ઝયદ બીન હારીસે આં હઝરત (સ.અ.સ.) ની ખીદમતમાંજ રહેવાની આરજુ બતાવી તેથી રસુલે મકબુલ (સ.અ.સ.) એ ઝયદ બીન હારીસને પોતાની ખીદમત માં રહેવા દીધા રફતે રફતે આં હઝરત (સ.અ.સ.) એ ઝયદ બીન હારીસની ખીદમત જોઇ તેને ઘણો ચાહવા લાગ્યા જેથી આપનો ઇરાદો તેની નીકાહ કરવાનો થયો એથી આપે તેની નીકાહ બીબી ઝયનબ સાથે કરવાનો ઠરાવ પોતાના મનમાં કરીને બીબી ઝયનબના ભાઇ અબદુલ્લા બીન હબશને બોલાવી આપના ઇરાદાથી વાકીફ કીધાં એથી અબદુલ્લા બીન હબશે બીબી ઝયનબ અને પોતાના કુટુંબીઓને રસુલે મકબુલ (સ અ.સ.) ના ઇરાદાથી વાકીફ કીધાં આ વાંત જાહેર થતાં આખા અહલે કુરેશમાં ખળભળાટ મચી ગયો આખા ગામમાં એ બાબતની ખબર ફેલાઇ ગઇ જેથી આખો અહલે કુરેશ આપથી નારાજ થઇ ગયો અને કુરેશ ખાનદાનમાં બેદીલી ફેલાઇ ગઇ.

મારા ભાઇઓ ! હમોને હઝરત રસુલે ખુદાથી વધારે પિયારો બીજો કોણ થઇ શકે છે આં હઝરત (સ.અ.સ.) પર એક મોટામાં મોટો અથવા નાનામાં નાનો મુસલમાન પોતાની જાન ફીદા કરવા તઇયાર થાય છે આપે હમોને હિદાયતનો રસ્તો દેખાડયો અને નજાતનો આસાન રસ્તો બતાવયો, અને હમારા વાસ્તે રસુલે ખુદા આખી આખી રાત ઉભા રહી હમારી બખશાશની દુવાઓમાં મસરૂફ

રહયા તે એટલે સુધી કે આપના પગ મુબારક પર વરમ આવી જતો તેથી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

યા અય્યો હલ મુઝમ્મલો કુમિલ્લયલા ઇલ્લા કલીલા.

વાહ વાહ કેવો પીયારો ખિતાબ છે અને કેવો સારો લકબ છે.

તરજુમો—અય કમ્બલપોશ અય રસુલ કાલી કમલીવાલા મોહમ્મદ રાતોના ઉભા તો રહો છો મગર જરા ઓછો (ઉભા રહવો). અલ્લાહો અકબર જે નબી પર અલ્લાહનો એવો પીયાર હોય તેના પર હમે કેમ કુરબાન ન થઇએ ! તો પણ કુરેશમાં ખળભળાટ થઇ ગયો એ કારણે ખુદાવન્દે તઆલાએ પોતાના પીયારા હબીબની વાત રાખવા નીચેની કુરાને પાકની આયત નાઝીલ કરી.

"વ મા કાના લે મોમીનીં વ લા મોઅેામીનાતીન ઇઝા કદલ્લાહો વ રસુલો હો અમરન અય્યકુના લહોમુલ ખયરતો મીન અમરેહીમ વમય્ય અસિલ્લાહ વ રસુલહો ફકદઝલ્લા ઝલાલમ મોબીનાં (સીપારા ૨૨.)

તરજુમો—નથી લાઝીમ ઇમાનવાલા પુરૂષોને અને નથી લાઝીમ ઇમાનવાલી સ્ત્રીઓને જયારે ખુદા અને તેનો રસુલ તેઓના બાબમાં કાંઇ વાત (કાઇ કામ) ઠેરવી દે તો તેમાં તેઓ પોતાનો કાઇબી જાતનો દખલ અથવા ઇખતીયાર બાકી રાખે તો તેઓ ખુદા અને રસુલ (સ. અ.) ના નાફરમાન ઠરે છે તેવા લોકો ગુમરાહીમાં પડી ચુકયા.

ઉપલી આયતે કરીમા નાઝીલ થતાજ બીબી ઝયનબ અને તેઓ ના ભાઇ અબદુલ્લ બીન હબસ અને બધા અઝીઝ અકરબા અને બીજાઓ એકદમ ખામુશ થઇ ગયા.

હવે ઉપરની આયતે કરીમા માં જોસો તો આં. હજરત (સ. અ.) ના ફરમાન માટે ઉતરેલ છે એવું નથી કે કોઇ કુફવો સંભાલવુંજ નહિ હવે એ કુફવો માટે આ ફતવાથી તમો બરોબર સમજશો.

ભાઇઓ આ. હઝરત (સ. અ.) ને તો દુન્યા ને દેખાડવું હતું કે મુસલમાનમાં ઉંચ નીચ કોઇ નથી બધાં એક સરખા ભાઇઓ છે ને વળી ગુલામોનો તિરસ્કાર દુર કરવા માટે આપે બીબી ઝયનબ ના નીકાહ હઝરત ઝયદ સાથે કરી આપ્યા એવીજ રીતે દરેક મુસલમાન એક બીજાની કોમમાં અગર નીકાહ કરે તો તે કરી શકે છે અને એવા નીકાહને કોઇ ના જાયઝ ઠેરવી શકે નહિ એવીજ રીતે એમાં કેટલાં ભેદ સમાયલા છે એ ભેદો સમજવા માટે મહઝબી કીતાબો જોવાથી સમજ પડશે.

ભાઇઓ મારી નાકેસ અકકલથી હું ધારૂં છું કે અગર એમ થતે નહિ તો જે ભાઇઓને કોવમમાંથી સ્રી મલતી નથી તેને પર કોવમમાંથી પણ મલતેજ નહિ.

ભાઇઓ કોઇ એમ સમજશો નહિ કે હમો બીજી કોમમાંથી કોઇ ભાઇ નીકાહ કરે તેને ના જાયઝ કહીએ છીએ.

હમો તો હમારી કુફવો સરાઅહ માફક સંભાળવા જાયઝ છે તેમ કરીએ છીએ.

હવે આપણે અસલ મુદદા પર આવીએ બીબી ઝયનબનો નીકાહ ઝયદ બીન હારીસ સાથે થયા પછી આપસમાં નાઇત્તેફાકી રહેવાથી છેવટે ઝયદ બીન હારીસ ને બીબી ઝયનબ ને (જુદા છેડા)

તલાક આપવી પડી ને એક કુરેસ ખાનદાનની છોકરી આઝાદ થયલા ગુલામ સાથે નીકાહ કરવાથી તેમની રંજીદગી દુર કરવા અને તેમનો મરતબો પાછો ઉંચે લઇ આવવા આ હઝરત (સ. અ.) આપ પોતે તેમની સાથે નીકાહ કરી લીધા કેમકે હઝરત ઝયનબ રસુલુલ્લહ (સ. અ.) ના ખાનદાનમાં હતાં ને વળી પાછો કોઇ બીજી ઝયનબને કાંઇ કહે નહિ.

ભાઇઓ હવે તમો પોતેજ વીચારો કે એમાં કેટલાં ભેદ સમાયલા છે ને વળી એ બેઉમાં બનાવ નહિ રહેવાનું કારણ શુ ભાઇઓ આ શરાઅહ સરયતની બાબતો હોવાથી કાંઇ વધારે બોલવું એથી માણસને વધારે ઉંડાંણમાં ઉતરવું પડે છે ને વળી હું કાંઇ મોલવી તો છું નહિ કે તમોને વધારે તફસીલ કરી સમજાવું હવે એથી વધારે સમજવું એ તમારૂં કામ છે.

ભાઇઓ--કુદરતે આ બાબતમાં માણસને સમજવા કેટલી બાબતો સરજાવી છે. એના થોડા દાખલા આપણે જોશું.

જાનવરોમાં પણ કુદરતે જાતો પેદા કીધી છે અને તેને વાંચા નહિ હોવાથી તે પોતાની જાત બતાવી શક્તા નથી તેથી કુદરતે તેને ઓળખવા રંગ રૂપ જુદા જુદા આપ્યા છે. ને માણસને વાંચા હોવાથી તે પોતાની જાત મોઢે કહી શકે છે તો પણ તેમાં રગઢંગ રીત રસમ વાતચીત વગેરે જુદા જુદા કરેલા છે.

હવે ઝાડપાનમાં જોસો તો પણ એમાં કુદરતે જાતો રાખી છે ને વળી એ ઝાડોમાંથી એક ઝાડની કલમ બીજી જાતના ઝાડ સાથે

મીલાવશો તો તેમાં પચરંગી ફુલ ફલ થશે એવીજ રીતે ધાતુને પણ એક બીજા સાથે મીલાવવાથી તેમાં પણ ફરક પડે છે અને સોનામાં પીતલ અથવા બીજી ધાતુ મીલાવશો તો તેના ભવમાં અને પ્યોરીટીમાં પણ ફરક પડશે. ને વળી જાનવરોમાં એક જાતનો નર ને બીજા જાતની માદા સાથે સંજોગ થઇ જાય તો તેનો નતીજો ત્રીજા જાતનો જાનવર પેદા થાય છે ને વળી એક નામના જાનવરોમાં પણ કુદરતે જાતો રાખી છે જેવા કે ઘોડાઓ કુતરાઓ એવી રીતે બીજા કેટલાક જાનવરો છે હવે એ જાનવરોમાં પણ તમો જોશો તો જોવો કે એક જાતનો ઘોડો અને બીજી જાતની ઘોડી અથવા એક જાતનો કુતરો અને બીજી જાતની કુતરી સાથે સંભોગ થશે તો એનો પણ નતીજો વીચીત્ર આવશે વાસ્તે શેખ સાદી સાહેબે કહયું છે કે.

"કુનદ હમજીન્સ બા હમજીન્સ પરવાઝ
કબુતર બા કબુતર બાઝ બા બાઝ"

તેથી ઇનસાન ને ખુદા એ અકકલ આપી છે તેનો સારો ઉપયોગ કરીનેજ કામ કરે.

વળી આજની સભામાં કેટલાં સાદવાલા મેમણોઓની હાલત જોઇ મને અફસોસ થાય છે ને મને સમજ નથી પડતી કે આ મેમણો જેઓ વગર સાદવાલાના હીમાયતીઓ ના ઉલટો સુલતો સમજાવવાથી તેમના સાથે છે. તેઓ આવી રીતે ઉલ્કાપાતિ બની ને આપસમાંજ શાને અથડા મણ પયદા કરે છે ? તેઓ વગર સાદવાલાના હીમાયતીઓના સાથે ભલે રહે પરંતુ જેઓ એ લોકોનો સાથ આપવા

નથી ઇચ્છતા તેમની વિરૂધ્ધ ગન્દો પ્રોપેગન્ડાનો કીચડ ઉડવીને આપસમાં નાઇત્તફાકીનો બીજ શાને રોપી રહ્યા છે? મને આ ભાઇઓથી આ તર્ક બીજો કંઇ કહેવું કે લેવું દેવુ નથી હું તો માત્ર એજ કહેવા માગું છું અને તે પણ રસુલે અકરમ (સ. અ.) ના સર્વ ફીદાઇઓ નેજ કે ખુદા ના માટે સમજો અને વીચારો, આપસમાંજ કુંસપનો બી વાવી પોતાની તબાહીના કારણ રૂપ તમો પોતે ન બનો આ વગર સાદવાલાના હીમાયતીઓ તો એટલુંજ ઇચ્છે જ છે કે કોઇ પણ રીતે મેમણો નિર્બળ બને અને તેના સારૂ પ્રોપેગન્ડા કરવામાં રજનો ગજ કરવામાં અસત્યને સત્ય બનાવવામાં ખોટા ને ખરો કરી દેખાડવામાં આજે કમર કશી છે વાસતે તમો ચેતો અને આ ફતવો હું વાંચી સંભળાવું છું તે સાંભળી કુસંપ કરવા ખુદાથી ડરો.

ફતવો.

બીસમીલ્લાહ હીર રાહમાન નીર રહીમ.

કયા ફરમાતે હંય ઉલમા એ દીન ઇસ મસઅલે મેં કે એક કવમ હમેશાં અપની બીરાદરી અવર કુફવમેં શાદી બીયાહ કરને કી આદી હય ગયર કુફવમેં શાદી કરને કો આર સમજતી હય અબ ઉસ કવમ મેં ચદ લોગો કે ગયર કુફવમે તઅલ્લુકાત પયદા કરને સે મફાસીદ પયદા હો રહે હય જીનકે ઇનસીદાદ કે લીયે કવમી પચાયત ને કવમકી ઇસલાહ અવર બેહબુદી અવર ખસાયસ કે તહફુઝ કે લીહાઝસે યેહ તજવીઝ કીયા કે જો લોક અપની લડકી દુસરી

કવમમે દે ગે યા દુસરી કવમકી લડકી અપને અકદ મેં લાંયગે તો ઉસ ઓરત અવર ઉસકી ઓલાદ કા શુંમર કોવમમે ન હોગા યાને જો હુકકુ કે કવમી રાયજુલ વખત હુંય ઉનસે વોહ મેહેરૂપ રહેંગે મસલન ઉનકી શાદી બીયાહ કા એલાન કવમકી તરફસે ન કીયા જાયગા અવર ઉનકા હીસ્સા બખરા કવમકી જાનીબસે ઉનકે નામ પર ન દીયા જાયગા લેકીન યેહ અમર સીરફ તાકુજે કવમ અવર ઈન સીદાદે મુફાસીદકે લીયે ઇસલાહી તોર પર કાયમ કીયા જાતા હુય ન શરાઅન ઇસ નીકાહકો ના જાયઝ કરાર દીયા જાતા હુય ન ઉનકે હુકુકે વરાસત સે ઇનકાર હુય નીઝ દુસરી જમાઅતો મે ઇસ કીસમકી તજવીજ પહેલેસે જારી હુય લીહઝા મજકુર એ બાલા હાલતકી બીના પર ઇસ કીસમકી તજવીજ શરઅન જાયઝ અવર મુબાહ હુય યા હરામો કુફ્ર?

અલ જવાબ.

યે તજવીઝ ન હરામ હુય ન કુફ્ર હુય બલ્કે સહી અવર જાએઝ હુય ઇસલીયે કે ઇસ તજવીજ કી બીના દો ચીજોં પર હુય અવ્વલ એતેબારે કફાઅત (સાની) દફ્ન સીદાદે મફાસીદ અવર ઈસલાહે કોમ જીસકી તફસીલ પરચએ મુનસલકએ સવાલ સે વઝાહત સે માલુમ હોતી હુય અમરે અવલ યાને નીકાહ મે કુફ્ર કા એતબાર ખુદ શરાએ શરીફ મે મોજુદ હુય.

તબઇનુલહકાએક શરહે કન્ઝુદ્દકાએક બાણુલકફાઅત મે હય. એલમ અન્નલકફાઅતા મોતમરતુન ફીનનીકહે લેમા રવા જાબીરૂન અન્નહુ અલેહિસ્સલાતો વસ્સલામ કાલા અલા લા યુઝવ્વીજુન્નીસાઆ ઇલ્લલઅવલીયાઓ વલા યુઝવ્વજના ઇલ્લા મિનલ અકફાએ વલે અન્નનીકાહા યોઅકદો લીલ્ઉમરે વ યશવમેલો અલા અગ્રાઝિન વ મકાસેદા કલ ઈઝદેવાજે વસ્સોહબતે વલઉલ્ફતે વતાસીસિલ કરાબાતે વલા યન્તઝેમો ઝાલેકા આદતન ઇલ્લા બયનલ અકફાએ વલે અન્નહુમ યતઅય્યિરૂન બેઅદમિલ કફાઅતે.

તરજુમાઃ— જાનના ચાહીયે કે કફાઅત નિકાહ મે મોઅતબર હય ઇસ્લીયે કે જાબિર રદીયલ્લાહો તઆલા અનહોને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલેહે વસલ્લમ સે રીવાયત કી હય કે ઓરતો કા નીકાહ સીવાય વલી કે દુસરા ન કરે અવર વોહ નિકાહ ન કરે મગર કુફો સે અવર ઇસ્લીયે કે નિકાહ ઉમર ભરકે લીએ કીયા જાતા હય અવર ઉસ્મે બહોતસે અગ્રાઝો મકાસિદ હોતે હંય મસલન ઇઝદેવાજ અવર સોહબત અવર બાહમ મેલો મોહબ્બત અવર કરા બાતો કી મઝબુતી અવર યેહ સબ બાતેં આદતન હાસીલ નહિં હોતીં મગર કુફો મે અવર ઇસ્લીયે કે ગેરકુફ મે લોગ માયુબ જાનતે અવર આર સમજતે હંય.

હીદાયા જીલદ અવ્વલ સફહા ર૯૯ મે હય.

અલકફ્રાઅતો ફિન્નીકાહે મોતબરતુન કાલા અલયહિસ્સ-લામ અલા લા યુઝવ્વીજુન્નીસાઆ ઈલ્લલઅવલીયાઓ વલા યુઝવ્વજના ઇલ્લા મિનલ અકફ્રાએ વલે અન્ના ઇનતેઝામલ-મસાલેહે બયનલમુતકાફ્રયયને અવર ફતહુલ કદીર મે હય, અન્નલ મકસુદા મિન શરઇયતિન્નીકાહે ઇનતેઝામો મસાલેહિન કુલ્લુમ મિનઝઝવજયને બિલ આખરે ફી મુદદતીલઉમરે લે અન્નહુ વુદેઅ લે તાસીસિલકરાબાતીસ્સેહરીયતે લે યસીરલ બઇદો કરીબન અઝોદન વસાએદન યસુરરોહુ મા યસુરરોકા વ યસુઓહુ મા યસુઓકા વ ઝાલેકા લા યકુનો ઈલ્લા બિલમુવાફ્રકતે વત્તકારોબે વલા તકારોબા લીન્નુફ્રસે ઇન્દા મુબાઅદતીલઅન્સાબે વલઇત્તેસાફે બીરરીકકે વલહુરરીયતે વનહવે ઝાલેકા ઇન્તેહા.

દુરરૂલમુખ્તાર સફ્હા ૧૬૭ મે ફતાવા ઝહીરીયા સે સાહેબીન કા મઝહબ નકલ કીયા હય કે કુફ કા એતેબાર મર્દ અવર ઓરત દોનોકી જાનીબ સે હોતા હય અગરચે ઇમામ સાહેબ કી રાય ઉસ્કે ખીલાફ હય લેકીન ઉર્ફે આમ ઇસ વકત યહી હય કે મર્દ અવર ઓરત દોનો કી જાનીબ સે શરાફત કા લેહાઝ કીયા જાતા હય અવર ઇસ મોઆમલે મે ઉર્ફે આમ કા લેહાઝ કીયા જાયગા જયસા કે ફતહુલકદીર કી ઇબારતસે મુસ્તફાદ હોતા હય.

ફઇઆ સબતા એતેબારૂલકફ્રાઅતે બેમા કદ્દમનાહુ ફ્રયુમકેનો સુબુતો તફસીલેહા અયદન બીન્નઝરે ઈલા ઉરફીન-

નાસે ફીમા યહકેરૂનહુ વયોઅચ્યરૂના બેહી નીઝ.

આયતે કુરઆની ઇઝા તરાદવ બયનહુમ બીલમારૂફે સે ભી યહી મોતરરરશેહ હોતા હય ઇસ બીના પર યેહ તજવીઝ યકીનન સહી હય અમરે સાની યાને ઇનસેદાદે મફાસીદ અવર ઇસ્લાહે કોમ યેહ એક અયસી જરૂરી ચીઝ હય કે ઇસપર કીસી દલીલ કે નકલ કરનેકી ઝરૂરત નહિ ઉસુલે ફીકહ અવર નુસુસ ઇસપર દાલ હુંય પસ યેહ બીના ભી સહી હય વલ્લાહો અઅલમો બીસ્સવાબ.

કતબહુ અહકર અબુબકર ફારૂકી જોનપુરી.
અલામતે મોહર

અબદુલ્લા ભાઇ—યાકુબ શેઠ! શું મોલવીનો ઠેકાણો આ ફતવા માં લખેલો નથી?

યાકુબ શેઠ—હા હું ભુલી ગયો જુવો આ ફતવાની નીચે મોલવી નો નામ અને ઠેકાણું જોનપુર લખેલું છે. ને વળી મોહર પણ મારેલી છે ને બીજા મોલવીઓની પણ સહીઓ છે એ ઉપરાંત અગર તમોને આ ફતવાની કોપીની જરૂર હોય તો કાલે જમાતની ઓફીસમાંથી લઇ શકો છો.

હવે મારા મહેરબાન ભાઇઓ તમો બરાબર સમજી ગયાં છો કે આપણી આ રૂઢી આજ-૫૦૦-વરસથી ચાલતી આવે છે. એમાં સરાઅહ આપણને મના કરતી નથી. એ આ ફતવાથી સાબીત થયું છે. અલહમ્દો લીલ્લાહ! આપણા વડવાઓએ લોહી શુધ્ધીની જાળવણી

માટે સરાઅહ માફક બાંધેલો ધારો આજ દીન સુધી ચાલતો આવે છે.

પણ અફસોસ સાથે મને કહેવું પડે છે કે આપણા કેટલાંક અણસમજુ ભાઇઓ આપણા વડવાઓના સરાઅહ મુજબ બાંધેલા ધારા ને તોડવા બહાર આવી ઉભા છે અને કેટલાંકના ઘેરમાં બીજી ન્યાતની સ્ત્રી હોવાથી તેવો એમ સમજે છે કે અમો આ જુના ધારાને તોડી નાખશું તો શું? આ ૫૦૦–વરસ સુધી નહિ બનેલો બનાવ આજે બનાવવા માગે છે એ કદી પણ બનસે નહિ અને એ બનવું બહુ મુશકીલ છે.

(જોર જોરથી તાલીઓનો ગડગડાટ.)

ભાઇઓ જે જમાઅતોમાં આ લોહી શુધ્ધીનો કાયદો હતો નહિ તે જમાઅતોના લોકો પણ આજે પોત પોતાની જમાઅતોમાં આ લોહી શુધ્ધીનો કાયદો દાખલ કીધો છે અને આપણી જમાઅતની આંટ અને લોહી શુધ્ધીનો કાયદો આજ ૫૦૦ બરસથી ચાલતો આવે છે તેને શું! આ ભાઇઓ પોતાના સ્વાર્થ ખાતર ખાકમાં મેળવવા માગે છે એ વીચાર દીલથી તદન કાઢી નાખે કારણ એ લોખંડના ચણા છે.

(તાલીઓના ગડગડાટ.)

(ઇબરાહીમના સાથવાલાં આસતે આસતે એક એક થઇ ચાલતાં થયા એ જોઇ ઇબરાહીમભાઇ મનની મનમાં કાંઇ બડબડ કરવા લાગ્યો અને ના છુટકે ત્યાંથી કયારે પલાયન થઇ ગયો તે કાંઇ ખબર પડી નહિ.)

ભાઇઓ હમણા જે કાંઇ હું બોલી ગયો તે ફકત મારી કોવમ ની લાગણીથીજ બોલયો છું હું મારા ભલાથી વધારે મારી કોવમનું ભલું ચાહું છું એથી વખતે મારાથી કાંઇ થોડો ઘણો વધારે બોલાઇ ગયો હશે એ કોઇની દુસમનીથી નહિ પણ મારા કોવમના લાભ ખાતર જે બહેતર મારા મનમાં આવ્યો તેજ ખરૂં બોલ્યો છું અને હજીએ કોવમના ભલા ખાતર એક વધારે દલીલ આપીશ કે અગર હમો આ વગર સાદના ભાઇઓને હમારી સાથે મીલાવી લેશું તો એ ભાઇઓની છોકરીઓના સાદનો હક રહેશે તો જે મેમણો સાદવાલા છે તેઓને આ છોકરીઓ લેવામાં વાંધો આવશે નહિ એવી રીતે પેઢી દર પેઢી ઉતરતાં દસ વીસ વરસ પછી આ બીજી કવમની બાઇઓની ઓલાદ આપણી સાથે વેલાઓ માફક મળી જશે તો પછી આ આપણો પોત સાથે પોતનો કાયદો રહેશે નહિ ને વળી જેમ આજે કેટલાકના ૧૯૫૬ ના કાયદાના વાંધા પડે છે તેવીજ રીતે આ બાઇઓને મીલાવી લેવામાં વધારે ગુચવણ ભરેલા વાંધા પડશે કે નહિ એ તમોજ વિચારી જુવો.

શંવત ૧૯૬૦ માં આપણા મુરબ્બી મરહુમ શેઠયાઓએ શંવત ૧૯૫૬ નો કાયદો પાસ કીધો તે વખતે પણ હલાઇ મેમણ શીવાય બીજી કવમની સ્ત્રી લાવયા હતા તેને આ સાદનો હક આપ્યો નથી તો એમાં પણ આપણુને ઘણું સમજવાનું છે અને જે હલાઇ મેમણ માંથી સ્ત્રી લાવયા હતાં તેને પણ પોત સાથે પોતનોજ હક આપવામાં આવ્યો હતો.

ભાઇઓ, જે મેમણો બીજી કવમની સ્ત્રી લાવ્યા હતા તેને હક આપયા નથી એ કારણો ઉપર વીવેચન કરવા ઉભો રહું તો બે કલાક બીજા જોઇએ વાસ્તે એકજ દલીલ હું આપું છું કે અગર આ સાદનો કાયદો આપણા મોટાઓ કાઢી નાખતે તો આપણા ભાઇઓમાંથી કેટલાકો પોતાના પૈસાના જોરે તવાયફોની પોષાકની ફેશનની શીશીયારીથી અંધ બની તેને ઉપાડી આવતે તો તેના ઘેરમાં જે મેમણીયાણી સ્ત્રી હોતે તે અને તવાયફ એ બન્નેમાં વધારે માન મરતબામાં તવાયફ વધી જતે કારણ કે તે તવાયફ ઉપર તો આ ફેશન ઉપર અંધ બનેલો આશક થઇ લઇ આવયો હોતે બીજું તવાયફ અને મેમણીયાણીમાં ફરક તો રહેતે નહિ કારણકે બેઉના ઓલાદ નો સાદ જમાઅત તરફથી ફરતે ને વળી કોઇ પણ ભાઇને જોઇએ તેવી ઉપાડી લાવવામાં વાંધો પડતેજ નહિ.

હવે એટલીજ દલીલોથી આજના જમાઅતનો કામ પતાવ્યે કારણ વખત ઘણો થઇ ગયો છે તો પણ હજી જે ભાઇને કાંઇ પુછવું હોય તે પુછે હજીએ હમારા પાસે હજારો દલીલો પડેલી છે હમો કોઇને પણ હજી બોલવામાં રોકતા નથી (થોડી વાર રહી) ભાઇઓ આ સાદના કાયદા સારૂ તમારી આગળ ઘણી દલીલો રજુ થઇ છે. હવે આ કાયદો કાઢી નાખશું કે વડવાઓનો કાયદો કીયામત સુધી કાયમ કરશું ! (ઘણા અવાજે) કીયામત સુધી આ કાયદો કાયમ રાખશું.

શેઠ--આજ પછી કોઇ પણ આપણી જમાતમાં એવા ફીતુરી સવાલો લાવે ને ના ઇ,તફાકીની ચળવળ કરે તેને જમાત ઘટતી

સઝાએ પહોંચાડે. એવો મારો ઠરાવ છે અને તમો ભાઇઓ બહાલી આપશો એવી ઉમેદ છે.

એકમતે બેઉ ઠરાવ પાસ થયા અને બાજી અરજીઓ આવતી સભા પર મુલતવી રાખી ત્યાર પછી યાકુબ શેઠ આપણી જમાતના શેઠનો ઉપકાર માનીને પછી બધા પોતપોતાના ઘેર ગયા આ વખતે રસ્તા ઉપર ચારે બાજુએ ઘોર અંધારૂ છવાઇ રહયું હતું અને રાત્રે ત્રણ વાગ્યાનો સુમાર થવા આવ્યો હતો.

ઉઠાતા હય જો ઇન્સાં સર કો અપને બહુરે આલમમેં
હુબાબ આસા વો રહ જાતા હય મિટકર એક હી દમમેં

સમાપ્ત.

The

Kabli Trade Service.

POSTER ADVERTISER.

Contractors & Travelling

Agents.

BOMBAY & THROUGHOUT INDIA.

KAMBEKAR STREET,

BOMBAY, 3.

દરેક જાતનો સુકો મેવો તથા મસાલો ખરીદવાનું
ખાત્રીપુર્વક મથક

એન. કાકા બ્રધર્સ

**દરેક શુભ અવસરે સારો તથા સસ્તો ખોરાકી સામાન
ખરીદ કરવા માટે અમારૂં નામ યાદ રાખો.**

અમારે ત્યાં નીચેની ચીજો ખાસ સ્ટોકમાં રાખવામાં આવે છે જેવી કે

દરેક જાતનો સુકો મેવો,
ઘરને પીસેલો મસાલો,
કનોજનો ગુલાબ,
નવસારીનો સરકો,
સૂરજ છાપ કેસર,
દીલ્હીની મેંદી,
કસ્તૂરી અગરબત્તી.

ચોખ્ખું દેશી ઘી,
તલનું તાજુ તેલ,
સીલોન તથા
નીલગીરી ચહા,
પીસેલી કાફી,
દરેક જાતના સાબુ,
પ્રોવીઝન, પરફયુમરી વગેરે.

એક વખત ઓર્ડર આપી ખાત્રી કરો.

એન. કાકા બ્રધર્સ.
ઠેંપાયધુના રોડ, ઇસમાઇલ
હબીબ મસ્જીદ, મુંબઇ, નં.૩.

અફલાતુન રોટ અફલાતુન

ટ્રેડ માર્ક

મુંબઇમાં પ્રખ્યાત થયલા જુના અને જાણીતા

નાનખટાઇવાલા અબદુલ ગપુર કલ્લન

અમારે ત્યાં ચોખ્ખા ઘીની મસ્કાની તેમજ સાદી
નાનખટાઇ, અફલાતુન રોટ, નાન તથા દરેક
જાતની મીઠાઇઓ ખાસ ધણીની દેખરેખ
હેઠળ બનાવવામાં આવે છે

એક વખત પધારી ખાત્રી કરો.

મુસાફરીમાં લઈ જવા લાયક અમારો
રજીસ્ટર કરેલો માવા મગજીયાતથી
ભરપુર અફલાતુન રોટ છે.

ઠે:—પાયધુની રોડ, મીનારા મસજીદ સામે

મુંબઇ—૩.

મવસમ હય દિલ ફરેબ, ફિઝા હય બહારકી
ફિર યાદ કયું ન આએ હમેં "યાદગાર" કી

મુસ્લિમ બિરાદરો માટે ખુશ વધાઇ

એટલે કે જુની, જાણીતી અને માનીતી

ઇસ્લામી યાદગાર હોટલ.

ની એક વેળા મુલાકાત લેવાની ખાસ ભલામણ છે

કારણ કે

અહિં લઝઝતદાર મુગલાઇ ખાણા તથા ફરમાસુ મીઠાઇ, નાનખટાઇ દર વખતે તઇયાર મળશે. તદુપરાંત ચાહ, કોફી, સોડા, લેમન, શરબત, ફાલુદા, કોલ્ડ્રીંગ વગેરે પણ મળી શકે છે, અને એની સાથે ઉત્તમ કામ અને મધ્યમ દામ, તેમજ પોતાની જાતી દેખરેખ હેઠળ બધી વસ્તુ તઇયાર કરવામાં આવે છે.

એકવાર મુલાકાત લીધા પછી ખાત્રી થશે.

અને તમે પોતે પણ કહેશો કે:

ન કયું યાદ આએ હમકો યાદગાર અબ હર ઝમાનેમેં,
મુનાફા ઇસ કદર કમ હય નમક જિતના હો ખાનેમેં.

માલેક:

અલી જલાલ ફકરૂદીન મીઠાઈવાળા.

ઠે૦—પાયધુની મિનારા મસ્જિદ સામે.

પર ડોકમની સ્ત્રી પછી આવતું [illegible]

મિત્ર વાંચકો ! આ નુતન પુસ્તકનો બીજો ભાગ [illegible]
[illegible] ખાતા થશે. તેમાં ઘણા [illegible] [illegible]
ભાગ [illegible]) ની પર ડોકમની સ્ત્રી [illegible]
[illegible], મોટા ભાઈ [illegible] [illegible]
[illegible] હદ, નાના ભાઈ મહેમુદ [illegible]
[illegible] સહનશક્તિ, હિંમત અને તાકીદ [illegible]
[illegible]
[illegible]
[illegible] છાપવામાં આવશે. [illegible]
[illegible] નહીં. [illegible]
[illegible] તમને દુનીયાનો [illegible] અનુભવ [illegible]
[illegible] અને અનેક [illegible]
આ વાતોનો બીજો ભાગ વાંચવાની હું આપ [illegible]
[illegible] કીંમત રૂ. ૧ [illegible]
[illegible] તેની કીંમત રૂ. ૧॥ પડશે [illegible]

આ પુસ્તક [illegible] દાઉદ [illegible]
[illegible] મુદ્રણાલયમાં [illegible]
[illegible]
[illegible] છાપ્યું છે.